સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 50

[DEC - 2020]
[06/12/20 to 12/12/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





## CURRENT TOPICS

- આકાશ મિસાઈલ્સ
- PASSEX : ભારત-રશિયા
- UN ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એવોર્ડ 'ઈન્વેસ્ટ ઈન્ડિયા'ને એનાયત થયો
- દેશમાં વાઈફાઈ ક્રાંતિ લાવવા 'PM-WANI' યોજનાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી
- લક્ષદ્વિપને 100% ઓર્ગેનિક (કાર્બનિક) જાહેર કરાયું
- વડાપ્રધાન શ્રીએ નવા બની રહેલા સંસદ ભવનનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કર્યું


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 6 DECEMBER, 2020 SUNDAY

### ➤ દિવસ મહિમા : 6 ડિસેમ્બર, નાગરિક સંરક્ષણ દિન

### ➤ ગાંધીનગરમાં ભૂગર્ભ ગટરની સફાઇ રોબોટ કરશે



- ગુજરાત રાજ્ય સરકારે ટેક્નોલોજીના ઉપયોગ થકી ભૂગર્ભ ગટરના મેનહોલની સફાઈ માટે બેન્ડીકુટ રોબોટનો ઉપયોગ કરવાની શરૂઆત કરી છે.
- તાજેતરમાં ડ્રેનેજની સફાઈ માટે બેન્ડીકુટ રોબોટનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગરમાં કર્યું હતું.
- બેન્ડીકુટ રોબોટની આ કામગીરી સંપૂર્ણ કમ્પ્યૂટરાઈઝ્ડ છે.
- ડ્રેનેજ મેનહોલ બેન્ડીકુટ રોબોટમાં ચાર કેમેરા ફીટ કરેલા હોવાથી મેનહોલની અંદરથી માટી, પથ્થર, ઈંટ વગેરેની સફાઈ સરળતાથી કરી શકાય છે.
- બેન્ડીકુટ રોબોટની કિંમત રૂ. 38 લાખ છે.
- સાબરમતી ગેસ કંપની, અમદાવાદ દ્વારા બેન્ડીકુટ રોબોટ ગાંધીનગર શહેરના ડ્રેનેજ વિભાગને કંપનીના C.S.R. (Corporate Social Responsibility) ફંડ હેઠળ આપવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ગાંધીનગર દેશનું 11મું અને રાજ્યનું બીજું શહેર

- ધી એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કવેન્જર્સ એન્ડ કન્સ્ટ્રકશન ઓફ ડ્રાય લેટ્રીન્સ પ્રોહિબિશન એક્ટની જોગવાઈઓ તથા સુપ્રીમ કોર્ટનો ચુકાદો અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માર્ગદર્શિકા અન્વયે મેન્યુઅલ સ્કેવેન્જિંગ પર પ્રતિબંધ કરવામાં આવેલ છે.
- આ કાયદાને અનુલક્ષીને ભારતના 11 રાજ્યમાં અંદાજે 45 રોબોટ ગટર મેનહોલ સફાઈ માટે ઉપયોગમાં લેવાય છે.
- ગુજરાત રાજ્યમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવા રોબોટનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. હવે ગાંધીનગર શહેરમાં પણ રોબોટથી ગટર મેનહોલ સફાઈનો પ્રારંભ થતાં તે ગુજરાતનું બીજું શહેર બન્યું છે.

## ➢ જામનગરને હરિયાળું રાખવા CNG સિટી બસોનો પ્રારંભ




- તાજેતરમાં **જામનગર**માં કૃષિમંત્રી **શ્રી આર. સી. ફળદુ**, અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી **શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**ની ઉપસ્થિતિમાં CNG બસનો પ્રારંભ કરાયો હતો.
- ગુજરાત રાજ્ય સરકાર દ્વારા **'CM અર્બન બસ પ્રોગ્રામ'** હેઠળ જામનગર શહેર વિસ્તારમાં 30 લોકોની ક્ષમતા સાથેની દસ મિની CNG બસ PPPના ધોરણે ચલાવવામાં આવશે. જામનગર ખાતે હાલ 3 બસો કાર્યરત કરવામાં આવી છે.

**ICE FACT :**

- **CNG : Compressed Natural Gas**


## ➢ ચીને પહેલી વખત 'કૃત્રિમ સૂર્ય' તરીકે ઓળખાતું તેનું પરમાણુ આધારિત ફ્યુઝન રિએક્ટર શરૂ કર્યું



- **HL-2M ટોકોમેક રિએક્ટર ચીનનું સૌથી મોટું** અને **આધુનિક પરમાણુ** ફ્યુઝન પ્રાયોગિક રિસર્ચ ડિવાઈસ છે અને વૈજ્ઞાનિકોને આશા છે કે, આ ડિવાઈસ સ્વચ્છ ઊર્જાનો નવો પાવરફુલ સ્ત્રોત તૈયાર કરશે.
- ચીનનું આ પરમાણુ આધારિત રિએક્ટર ફ્યુઝન માટે **'હોટ પ્લાઝમા'**નો ઉપયોગ કરે છે અને ચીનના પીપલ્સ ડેઈલી વર્તમાન પત્રના જણાવ્યા અનુસાર તે **15 કરોડ ડિગ્રી સેલ્સિયસ તાપમાને પહોંચી** શકે છે.
- **ચીનના સિચુઆન પ્રાંતમાં સ્થિત** આ HL-2M ટોકોમેક રિએક્ટર તેની અસાધારણ ગરમીને કારણે 'કૃત્રિમ સૂર્ય' તરીકે ઓળખાય છે.
- સૂર્યની તાકાત અને ગરમી ઉત્પન્ન કરવા માટે ફ્યુઝન જ જવાબદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની મીટિંગ




- RBIએ તાજેતરમાં તેની નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠક યોજી હતી.
- આ બેઠક દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ રેપોરેટ (RR) 4% પર યથાવત રાખ્યો છે.
- રેપોરેટ (RR)એ દર છે કે જેના પર RBI બેંકોને ધિરાણ આપે છે.
- રિવર્સ રેપોરેટ (RRR) 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.
- બેંક રેટ અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) 4.25% પર યથાવત રાખવામાં આવ્યા હતા.

### માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF)

- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) એ RBI પાસેથી પૈસા ઉધાર લઈ પ્રવાહિતા (Liquidity) વધારવા માટેનું સાધન છે.
- તે મોનેટરી પોલિસી રિફોર્મ એકસરસાઈઝ દરમિયાન 2011-12માં રજૂ કરવામાં આવ્યું હતું.
- તેનો વ્યાજદર રેપોરેટ કરતાં વધારે હોય છે.
- RBIએ રિજનલ રૂરલ બેંકો (RRB)માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) વધારવાનો નિર્ણય લીધો છે.

### મોનેટરી પોલિસી કમિટી (MPC) (નાણાકીય નીતિ સમિતિ)

- નાણાકીય નીતિ સમિતિ (MPC) ભારતમાં બેંચમાર્ક વ્યાજદર નક્કી કરવા માટે જવાબદાર છે.
- નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠકો વર્ષમાં ઓછામાં ઓછા 4 વખત યોજાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## MPCની રચના

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ગવર્નર પદાધિકારને કારણે MPCના ચેરપર્સન ગણાય છે. જે મુજબ વર્તમાન MPCની અધ્યક્ષતા શ્રી શકિતકાંત દાસ દ્વારા કરવામાં આવે છે.
- MPCમાં 6 સભ્યોનો સમાવેશ થાય છે :
  - 3 રિઝર્વ બેંકના સભ્યો, ● 3 સભ્યો કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક પામેલા સભ્યો

**ICE FACT :**

- MPC મુજબ ભારતમાં 31 માર્ચ, 2021 સુધી ફુગાવા (Inflation)ને 4% વાર્ષિક જાળવી રાખવાનો લક્ષ્યાંક છે.

## ➤ ભશન ચાર ટાપુ



- ભશન ચાર ટાપુ બાંગ્લાદેશનો દૂરસ્થ નિર્જન ટાપુ છે, જે બંગાળની ખાડીમાં સ્થિત છે.
- આ ટાપુ 'ચાર પિયા' તરીકે પણ ઓળખાય છે.
- કોકસબજારના શરણાર્થી શિબિરમાંથી આશરે હજારો રોહિંગ્યાઓને આ ટાપુમાં વિકસિત સુવિધામાં ખસેડવામાં આવ્યા છે.
- આ ટાપુમાં નબળી જીવન નિર્વાહની સ્થિતિના ભયથી માનવતાવાદીઓ આ પગલાંનો વિરોધ કરી રહયાં છે અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્વતંત્ર આકારણી કરવાની માંગ કરી રહયા છે.
- પર્યાવરણ વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે આ ટાપુ પર્યાવરણીય રીતે નાજુક પરિસ્થિતિ ધરાવે છે અને તેના પર પૂર અને ચક્રવાતનું જોખમ રહેલું છે.

## ભશન ચાર ટાપુ વિશે

- 40 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલ આ ટાપુ હિમાલયના કાંપ દ્વારા 2006માં જ રચાયો હોવાનું મનાય છે.
- બાંગ્લાદેશ સરકાર રોહિંગ્યા શરણાર્થીઓને તેની મુખ્ય ભૂમિથી 60 કિલોમીટર દૂર આ ટાપુ પર સ્થળાંતર કરી રહી છે.
- ભશન ચાર ટાપુને 'તરતો ટાપુ' પણ કહેવામાં આવે છે.

## ➤ આઝાદ પટ્ટન હાઈડ્રોપાવર પ્રોજેક્ટ

- આઝાદ પટ્ટન હાઈડ્રોપાવર પ્રોજેક્ટનું નિર્માણ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (POK)માં થવાનું છે.
- આઝાદ પટ્ટન હાઈડ્રોપાવર પ્રોજેક્ટ **ઝેલમ નદી** પર બાંધવામાં આવનાર છે અને તેમાં **700 મેગાવોટ હાઈડ્રોઈલેક્ટ્રીસિટી** ઉત્પન્ન કરવાની ક્ષમતા હશે.
- આ એક **1.35 અબજ ડોલર**નો પ્રોજેક્ટ છે જે **ચીન અને પાકિસ્તાન** દ્વારા **ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)**ના ભાગરૂપે સંયુક્ત રીતે હાથ ધરવામાં આવનાર છે.

### આઝાદ પટ્ટન હાઈડ્રોપાવર પ્રોજેક્ટ વિશે

- તે ઝેલમ નદી પર બાંધવામાં આવનાર પાંચ પાવર યોજનાઓ પૈકી એક છે.
- અન્ય ચાર યોજનાઓમાં **કોહલા**, **માહલ**, **કરોટ** અને **ચકોથી હટ્ટીયાન**નો સમાવેશ થાય છે જે ઝેલમ નદી પર બાંધવામાં આવશે.
- આ બધામાંથી કોહલા, આઝાદ પટ્ટન અને કરોટ એ CPEC નેટવર્ક હેઠળ વિકસિત થશે.

## ➤ લશ્કરી કામગીરી અને વ્યૂહરચનાત્મક યોજના માટે સૈન્યમાં નાયબ ચીફ

- સંરક્ષણ મંત્રાલયે સૈન્યમાં લશ્કરી કામગીરી અને વ્યૂહરચનાત્મક યોજનામાં નવી પોસ્ટ 'ડેપ્યુટી ચીફ' બનાવવાની મંજૂરી આપી છે.
- ડેપ્યુટી ચીફ **વ્યૂહાત્મક આયોજન**, **સૈન્ય કામગીરી**, **ગુપ્તચર** અને **ઓપરેશનલ લોજિસ્ટિક્સ** સાથે કાર્ય કરશે.
- સૈન્યમાં **ડેપ્યુટી ચીફની ત્રીજા ક્રમની પોસ્ટ** છે.
- આ ઉપરાંત બીજી એક નવી પોસ્ટ **'ડિરેક્ટર જનરલ ઓફ ઈન્ફોર્મેશન વારફેર'** પણ બનાવવામાં આવી રહી છે.
- આ બધી પોસ્ટ એ આર્મી હેડક્વાર્ટરમાં ચાલી રહેલાં સુધારાઓનો એક ભાગ છે.

### સૈન્યમાં લશ્કરી કામગીરી અને વ્યૂહરચનાત્મક યોજના માટેના પ્રથમ ડેપ્યુટી ચીફ કોણ છે ?

- **લેફ્ટનન્ટ જનરલ પરમજીત સિંહ પ્રથમ ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ (સ્ટ્રેટેજી) તરીકે આવવાના છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડિરેક્ટર જનરલ ઓફ ઈન્ફોર્મેશન વારફેર

- સંરક્ષણ મંત્રાલયે ડિરેક્ટર જનરલ ઓફ ઈન્ફોર્મેશન વારફેર નામની બીજી પોસ્ટ પણ બનાવી છે.
- તેની ભૂમિકા હાઈબ્રીડ વારફેર, ભાવિ યુદ્ધના ક્ષેત્ર અને સોશિયલ મીડિયા વાસ્તવિકની જરૂરિયાતોને પૂર્ણ કરવાની હશે.




## ICE ? Questions

1. 'નાગરિક સંરક્ષણ દિન' ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 3 ડિસેમ્બર (B) 5 ડિસેમ્બર (C) 6 ડિસેમ્બર (D) 7 ડિસેમ્બર **(C)**

2. રોબોટ દ્વારા ગટર મેનહોલ સફાઈનો પ્રારંભ ગુજરાતમા કયા શહેરથી થયો હતો ?
(A) અમદાવાદ (B) વડોદરા (C) ગાંધીનગર (D) સુરત **(D)**

3. 'કૃત્રિમ સૂર્ય' તરીકે ઓળખાતુ પરમાણુ આધારિત ફ્યુઝન રિએક્ટર તાજેતરમાં કયા દેશમાં શરૂ કરાયું હતું ?
(A) અમેરિકા (B) ચીન (C) જાપાન (D) ઈઝરાયેલ **(B)**

4. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષમાં રજૂ કરવામાં આવી હતી ?
(A) વર્ષ 2011-12 (B) વર્ષ 2012-13
(C) વર્ષ 2013-14 (D) વર્ષ 2014-15 **(A)**

5. નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠકો વર્ષમાં કેટલી વાર મળવી જોઈએ ?
(A) ઓછામાં ઓછી 3 વખત (B) ઓછામાં ઓછી 4 વખત
(C) ઓછામાં ઓછી 6 વખત (D) ઓછામાં ઓછી 2 વખત **(B)**

6. નાણાકીય નીતિ સમિતિ (MPC)માં કેટલા સભ્યોનો સમાવેશ થાય છે ?
(A) 3 (B) 4 (C) 5 (D) 6 **(D)**

7. 'ભશન ચાર આઈસલેન્ડ' કયા દેશનો ટાપુ છે ?
(A) બાંગ્લાદેશ (B) મ્યાનમાર (C) ભારત (D) ઈન્ડોનેશિયા **(A)**

8. નીચેના પૈકી કયો હાઈડ્રોપાવર પ્રોજેક્ટ ચીન–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) અંતર્ગત વિકસાવવામાં આવશે નહીં ?
(A) કોહલા (B) આઝાદ પટ્ટન (C) કરોટ (D) ચકોથી હટ્ટીયાન **(D)**

9. સૈન્યમાં લશ્કરી કામગીરી અને વ્યૂહરચનાત્મક યોજના માટે પ્રથમ ડેપ્યુટી ચીફ તરીકે કોણ આવશે ?
(A) શ્રી સતીન્દર કુમાર સૈની (B) શ્રી યોગેશ કુમાર જોશી
(C) શ્રી રવિન્દ્ર પાલ સિંઘ (D) શ્રી પરમજીત સિંહ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**7 DECEMBER, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 7 નવેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ (International Civil Aviation Day) (2) સશસ્ત્ર સેના ધ્વજ દિન (Armed forces flag Day)

### આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ

- સમગ્ર વિશ્વમાં 7 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય હવાઈ પરિવહનની સલામતી અને કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવું તથા હવાઈ પરિવહનમાં આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનની ભૂમિકા વિશે જાગૃતિ લાવવાનો છે.
- **આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનની સ્થાપના 7 ડિસેમ્બર, 1944**ના રોજ ઉડ્ડયન બાબતોમાં આંતરરાષ્ટ્રીય સહયોગ અને એકરૂપતાને સુરક્ષિત કરવા માટે કરવામાં આવી હતી.
- વર્ષ 1996માં સંયુકત રાષ્ટ્ર મહાસભાની ICAO પહેલ મુજબ અને કેનેડા સરકારની સહાયતાથી 7 ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- ICAOનું પૂરું નામ 'International Civil Aviation Organization' છે.

### સશસ્ત્ર સેના ધ્વજ દિન (Armed Forces Flag Day)

- ભારતીય **સશસ્ત્ર દળના જવાનો માટે ફંડ એકઠું કરવાના ઉદ્દેશથી** દર વર્ષે 7મી ડિસેમ્બરનો દિવસ **'સશસ્ત્ર સેના ધ્વજ દિન'** તરીકે ઉજવાય છે.
- **7 ડિસેમ્બર, 1949**થી આ દિવસ ઉજવાઈ રહયો છે.
- એકત્રિત કરેલા ભંડોળનો ઉપયોગ સશસ્ત્ર દળના કર્મચારીઓ, ભૂતપૂર્વ સૈનિકોના કલ્યાણ માટે અને યુદ્ધ દ્વારા થયેલ ક્ષતિઓનું પુનર્વસન કરવા માટે થાય છે.
- **સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહે** તાજેતરમાં લોકોને આ ભંડોળમાં ફાળો કરવા હાકલ કરી હતી.
- **ડિસેમ્બર મહિનો 'ગૌરવ માહ'** તરીકે ઉજવવાનો છે એવી જાહેરાત પણ કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન દ્વારા કરવામાં આવી હતી.

**ICE FACT :**

- **1949માં બળદેવસિંહ સમિતિએ ફ્લેગ ડે ફંડની** સ્થાપના કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF) (તરલતા સમાયોજન સુવિધા)

- તાજેતરમાં, ભારતીય રિઝર્વ બેંક (RBI)એ લિક્વિડિટી એડજસ્ટમેન્ટ સુવિધા (LAF)ને રિજનલ રૂરલ બેંકો (RRB)માં વધારવાનો નિર્ણય કર્યો છે, જેથી પ્રવાહીતા (Liquidity) સંચાલનને વધુ કાર્યક્ષમ બનાવી શકાય.

### LAFની સૌપ્રથમ રજૂઆત ક્યારે થઈ હતી ?

- બેંકિંગ ક્ષેત્રના સુધારાઓ પર નરસિમ્હમ કમિટીની ભલામણોના આધારે વર્ષ 1998માં LAFની રજૂઆત RBIમાં કરવામાં આવી હતી.

### LAF શું છે ?

- તે એક નાણાકીય નીતિ સાધન છે જે બેન્કોને પુનઃખરીદી કરાર અથવા રીપોઝ દ્વારા અસ્થાયી રોકડની અછત નિવારવા માટે સક્ષમ બનાવે છે.
- તે રોકડ ઊભી કરવા માટે રિવર્સ–રેપો દ્વારા પણ RBIને રોકડ લોન આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### તરલતા (Liquidity) નિયંત્રિત કરવા માટે RBI દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા અન્ય ટૂલ્સ કયાં છે ?


- RBI દેશમાં તરલતા પ્રવાહને નિયંત્રણમાં રાખવા માટે ચાર ટૂલ્સનો ઉપયોગ કરે છે. તેમાં નીચેના ટૂલ્સનો સમાવેશ થાય છે:
    1. કેશ રિઝર્વ રેશિયો (CRR)
    2. લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટીસ (જેમાં રેપોરેટ અને રિવર્સ રેપોરેટનો સમાવેશ થાય છે.)
    3. સ્ટેચ્યૂટરી લિક્વિડિટી રેશિયો
    4. ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO)

### લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)ના બે મુખ્ય ઘટકો કયા છે ?

- લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)ના બે મુખ્ય ઘટકો રેપોરેટ (RR) અને રિવર્સ રેપોરેટ (RRR) છે.

**રેપોરેટ (RR) :**

- બેંકો જે દરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી નાણાં ઉધાર લે છે તે દરને રેપોરેટ કહે છે. આ નાણાં ઉધાર લેતી વખતે બેંકો સરકારી સિક્યુરિટીઝ RBI પાસે જમા કરાવે છે.




**રિવર્સ રેપોરેટ (RRR) :**

- રિવર્સ રેપોરેટ એ દર છે કે જેના પર RBI બેંકો પાસેથી નાણાં ઉધાર લે છે.
- રિવર્સ રેપોરેટની મદદથી RBI સિસ્ટમમાંથી તરલતાને ઓછી કરે છે.

## ➤ પારસ્પરિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિનિમય અધિનિયમ

- યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે તાજેતરમાં તેનાં પારસ્પરિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિનિમય કાયદો 1961 મુજબ ચીન સાથે 5 સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો સમાપ્ત કર્યા છે.

– બીજા દેશો સાથે સાંસ્કૃતિક સંબંધો જાળવવા જવાબદાર ભારતની સંસ્થા ICCR છે.

### Indian Council for Cultural Relations (ICCR)


- ભારતમાં ICCR ભારત અને અન્ય દેશો વચ્ચેના સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે જવાબદાર છે.

સ્થાપના : 9 એપ્રિલ, 1950

સ્થાપક : મૌલાના અબુલ કલામ આઝાદ (સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી)

મુખ્યમથક : નવી દિલ્હી

- આ કાઉન્સિલ આંતરરાષ્ટ્રીય સમજૂતી માટે જવાહરલાલ નહેરૂ એવોર્ડનું સંચાલન કરે છે.



The Indian Council for Cultural Relations

## ➤ આકાશ મિસાઈલ્સ




- આકાશ એ એક મધ્યમ રેન્જની ગતિશીલ સરફેસ-ટૂ-એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ છે.
- તે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા વિકસિત કરવામાં આવી હતી અને તેનું ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) દ્વારા ઉત્પાદન કરવામાં આવ્યું હતું.
- તાજેતરમાં 10 આકાશ મિસાઈલોનું પરીક્ષણ ભારત વાયુસેના દ્વારા સૂર્યલંકા ટેસ્ટ ફાયરીંગ રેન્જ, આંધ્રપ્રદેશમાં કરવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણ કમ્બાઈન્ડ ગાઈડેડ વેપન્સ ફાયરિંગ 2020 કવાયતના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.

### આકાશ મિસાઈલ વિશે

- આકાશ મિસાઈલોનું નિર્માણ ભારત ડાયનામિક્સ લિમિટેડ, ટાટા પાવર સ્ટ્રેટેજીક એન્જિનિયરીંગ ડિવિઝન, લાર્સન એન્ડ ટૂબ્રો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ મિસાઈલ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા વિકસાવવામાં આવી હતી.
- તે 30 કિ.મી. સુધીની ઊંચાઈના એરક્રાફ્ટને લક્ષ્ય બનાવી શકે છે.
- આ મિસાઈલ ક્રુઝ મિસાઈલો, હવાથી સપાટીની મિસાઈલો, ફાઈટર જેટ અને બેલેસ્ટિક મિસાઈલો જેવા હવાઈ લક્ષ્યોને બેઅસર કરવાની ક્ષમતા ધરાવે છે.
- આકાશ મિસાઈલની પ્રથમ પરીક્ષણ ફ્લાઈટ વર્ષ 1990માં હાથ ધરવામાં આવી હતી.



## આકાશ મિસાઈલની અનન્ય લાક્ષણિકતા

- આકાશ મિસાઈલની મુખ્ય લાક્ષણિકતા **ડિજિટલી કોડેડ કમાન્ડ ગાઈડેન્સ** છે.
- તે સંપૂર્ણ સ્વચાલિત ઓપરેશન અને મલ્ટીપલ ટાર્ગેટ હેન્ડલિંગ ક્ષમતા ધરાવે છે.
- આકાશ મિસાઈલની દરેક બેટરીમાં 'રાજેન્દ્ર' તરીકે ઓળખાતા **બેટરી લેવલનાં રડાર** હોય છે.

## રાજેન્દ્ર રડાર

- રાજેન્દ્ર એક **નિષ્ક્રિય ઈલેક્ટ્રોનિક્સ રૂપથી સ્કેન કરેલ એરે રડાર** છે.
- તેનો વિકાસ **સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)** દ્વારા કરવામાં આવ્યો હતો.
- ઈલેક્ટ્રોનિકલી સ્કેન થયેલ એરે એ એન્ટેના છે જે ઈલેક્ટ્રોનિકલી જુદી–જુદી દિશામાં લઈ જઈ શકાય છે.
- રાજેન્દ્રએ **ગ્રાઉન્ડ સર્વેલન્સ રડાર** છે.
- તેનો ઉપયોગ મુખ્યત્વે **દુશ્મન ઈન્સ્ટોલેશન (સ્થાપન)ને ટ્રેક** કરવા માટે થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 6 ડિસેમ્બર (B) 7 ડિસેમ્બર (C) 8 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર (B)

2. 'સશસ્ત્ર સેના ધ્વજ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 6 ડિસેમ્બર (B) 7 ડિસેમ્બર (C) 8 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર (B)

3. સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહે તાજેતરમાં કયા મહિનાને 'ગૌરવ માહ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી ?
(A) સપ્ટેમ્બર (B) ઓક્ટોબર (C) નવેમ્બર (D) ડિસેમ્બર (D)

4. 'ફ્લેગ ડે ફંડ'ની સ્થાપના કઈ સમિતિ દ્વારા કરવામાં આવી હતી ?
(A) વિવેક દેબરોય સમિતિ (B) જે. બી. કૃપલાણી સમિતિ
(C) બળદેવસિંહ સમિતિ (D) રણજિતસિંહ સમિતિ (C)

5. તાજેતરમાં RBI દ્વારા લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)ને કઈ બેંકોમાં વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો ?
(A) કોમર્શિયલ બેંકો (B) ડિસ્ટ્રીક્ટ બેંકો
(C) રિજનલ રૂરલ બેંકો (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં (C)

6. લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF) કઈ કમિટીની ભલામણને આધારે વર્ષ 1998માં RBIમાં રજૂ કરવામાં આવી હતી ?
(A) નરસિમ્હમ કમિટી (B) બળદેવસિંહ કમિટી
(C) વિવેક દેબેરોય કમિટી (D) કસ્તૂરીરંગન કમિટી (A)

7. ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR)ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?
(A) શ્રી જવાહરલાલ નહેરૂ (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
(C) શ્રી પટ્ટાભી સિતારમૈયા (D) શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ (D)

8. તાજેતરમાં 10 આકાશ મિસાઈલોનું ભારતીય વાયુસેના દ્વારા પરીક્ષણ કયાં કરવામાં આવ્યું હતું ?
(A) પારાદ્વિપ (B) વ્હિલર ટાપુ
(C) સૂર્યલંકા ટેસ્ટ ફાયરીંગ રેન્જ (D) ઉપરોકત પૈકી એક પણ નહીં (C)

9. આકાશ મિસાઈલ વિશે ખોટું વિધાન જણાવો.
(A) તે DRDO દ્વારા વિકસાવવામાં આવી હતી.
(B) તેની મુખ્ય લાક્ષણિકતા ડિજિટલી કોડેડ કમાન્ડ ગાઈડેન્સ સુવિધા છે.
(C) આકાશ મિસાઈલની દરેક બેટરીમાં 'રાજેન્દ્ર' તરીકે ઓળખાતા બેટરી લેવલનાં રડાર હોય છે.
(D) તે 50 કિ.મી. સુધીની ઊંચાઈના એરક્રાફ્ટને લક્ષ્ય બનાવી શકે છે. (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8 DECEMBER, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 8 ડિસેમ્બર, (1) સબમરીન દિવસ
## (2) SAARC સ્થાપના દિન

### સબમરીન દિવસ

- **ભારતીય નૌસેના** દ્વારા દર વર્ષે **8 ડિસેમ્બર**ના રોજ **'સબમરીન દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતીય નૌસેનાની **પ્રથમ સબમરીન 'INS કલવરી'**ને 8 ડિસેમ્બર, 1967ના રોજ ભારતની નૌસેનામાં સામેલ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના રોજ આ દિવસ ઉજવાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### SAARC

- **દક્ષિણ એશિયાઈ ક્ષેત્રીય સહયોગ સંગઠન (The South Asian Association for Regional Co-Operation-SAARC)**ની સ્થાપના **8 ડિસેમ્બર, 1985**ના રોજ **બાંગ્લાદેશના ઢાકા ખાતે કરવામાં** આવી હતી.

મુખ્ય મથક : **કાઠમંડુ (નેપાળ)**

સભ્ય દેશો : કુલ 8 સભ્ય દેશો

(**અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ્સ, નેપાળ, પાકિસ્તાન, શ્રીલંકા**)

- આ સંગઠનમાં **છેલ્લે આઠમા સભ્ય તરીકે અફઘાનિસ્તાન જોડાયો** હતો.
- SAARCનો મુખ્ય ઉદ્દેશ તેના ક્ષેત્રમાં આર્થિક વિકાસ, સામાજિક પ્રગતિ અને સાંસ્કૃતિક વિકાસને વેગ આપવાનો છે.
- વિશ્વની કુલ વસતીના 21% લોકો સાર્ક દેશોમાં રહે છે.



## ➤ આગ્રા મેટ્રો પ્રોજેક્ટ



- **આગ્રા મેટ્રો પ્રોજેક્ટમાં** કુલ 29.4 કિ.મી.ની લંબાઈવાળા **બે કોરિડોર**નો સમાવેશ થાય છે.
- તે તાજમહેલ, આગ્રા કિલ્લો, સિકંદરા જેવા વિખ્યાત પર્યટક આકર્ષણોને રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન સાથે જોડશે.
- તેના નિર્માણ કાર્યનું ઉદ્ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

### આગ્રા મેટ્રો પ્રોજેક્ટ વિશે

- આગ્રા મેટ્રો પ્રોજેક્ટ આગ્રાના લોકોના ઈઝ ઓફ લિવિંગમાં સુધારો કરશે અને શહેરની મુલાકાતે આવનાર પ્રવાસીઓને પણ ફાયદો કરશે.
- આ પ્રોજેક્ટની અંદાજીત કિંમત રૂ. 8,379.62 કરોડ છે. આ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂર્ણ થવાનો છે.
- આ પ્રોજેક્ટનો વિગતવાર પ્રગતિ અહેવાલ RITES (રેલ ઈન્ડિયા ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક સર્વિસ લિમિટેડ) દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.
- આ પ્રોજેક્ટ માટેની કુલ કિંમત પ્રાઈસ ઈન્ડેક્સના આધારે અંદાજવામાં આવી હતી.

### ભારતમાં Price Index (ભાવ સૂચકાંક)

- ભારતમાં મુખ્યત્વે ત્રણ પ્રાઈસ ઈન્ડેક્સ વપરાય છે જે નીચે મુજબ છે :
  - **Wholesale Price Index (WPI)**
  - **Index of Industrial Production (IIP)**
  - **Consumer Price Index (CPI)**

### Wholesale Price Index (WPI) (જથ્થાબંધ ભાવ સૂચકાંક)

- WPI દેશમાં ફુગાવા (Inflation)નું મુખ્ય માપદંડ છે.
- મહત્વપૂર્ણ નાણાકીય નીતિ અને નાણાકીય નીતિ ફેરફારો WPI સાથે જોડાયેલા છે.
- તેનો ઉપયોગ વર્ષ 1939થી થાય છે અને નિયમિતપણે 1947થી પ્રકાશિત થાય છે.
- WPIની ગણતરી વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) વિભાગ હેઠળ કાર્યરત આર્થિક સલાહકારની કચેરી દ્વારા કરવામાં આવે છે.


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Index of Industrial Production (IIP) (ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક)

- IIP ઔદ્યોગિક ઉત્પાદનોમાં થતાં ફેરફારોને માપે છે.
- મિનીસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન અંતર્ગતની સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (CSO) દ્વારા તેની ગણતરી કરવામાં આવે છે.
- IIPમાં નીચેના 8 કોર ઉદ્યોગોનો સમાવેશ થાય છે.
    - ક્રૂડ ઓઈલ
    - વીજળી
    - સિમેન્ટ
    - રિફાઈનરી ઉત્પાદનો
    - સ્ટીલ
    - ખાતરો
    - કુદરતી વાયુ
    - કોલસો

## Consumer Price Index (CPI) (ગ્રાહક ભાવ સૂચકાંક)

- CPI રિટેલ વસ્તુની કિંમત અને સેવાના પરિવર્તનને માપે છે.
- તેનો ઉપયોગ 157થી વધુ દેશોમાં ફુગાવાના માપદંડ તરીકે થાય છે.
- તેની ગણતરી સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (CSO) દ્વારા કરવામાં આવે છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ PASSEX : ભારત-રશિયા

- ભારતીય નૌકાદળ દિવસ (4 ડિસેમ્બર)ના ભારત અને રશિયાએ પૂર્વીય હિંદ મહાસાગરમાં બે દિવસીય પેસેજ એકસરસાઈઝનું આયોજન કર્યું હતું.
- આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરિક સંચાલન ક્ષમતામાં વધારો કરવો, બંને દેશો વચ્ચે સુરક્ષાની સવોત્તમ પ્રથાઓ લાગૂ કરવી અને બંને દેશોની નૌસેનાઓ વચ્ચે સમજને મજબૂત બનાવવાનો છે.
- આ કવાયત દરમિયાન બંને નૌકાદળોએ વેપન ફાયરીંગ, એડ્વાન્સ્ડ સરફેસ વારફેર એકસરસાઈઝ, એડ્વાન્સ્ડ એન્ટી–સબમરીન એકસરસાઈઝ, હેલિકોપ્ટર ઓપરેશન્સ તેમજ વિવિધ નૌકા–કૌશલ્યો હાથ ધર્યા હતા.
- આ કવાયતમાં ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ એન્ટી-સબમરીન કોર્વેટ કદમટ્ટ અને સ્વદેશ નિર્મિત ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ શિવાલિક દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ રશિયન નૌકાદળનું પ્રતિનિધિત્વ એન્ટી–સબમરીન એડમિરલ પેન્ટેલેયેવ અને મિડીયમ ઓશન ટેન્કર પેચેન્ગા દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ કવાયત ભારત અને રશિયા વચ્ચેના લાંબાગાળાના વ્યૂહાત્મક સંબંધોનો સંકેત આપે છે.

### ભારત અને રશિયા વચ્ચેની અન્ય કવાયતો

### INDRA (ઈન્દ્ર)

- ઈન્દ્રએ ભારત અને રશિયા વચ્ચે સંયુકત દ્વિ-વાર્ષિક કવાયત છે.
- તે વર્ષ 2003માં શરૂ કરવામાં આવી હતી.
- આ કવાયતમાં સબમરીન વિરોધી કામગીરી અને જીવંત ફાયરીંગ ડ્રીલ્સનો સમાવેશ થાય છે.
- ઈન્દ્ર 2020 કવાયત સપ્ટેમ્બર મહિનામાં અંદામાન સમુદ્રમાં આયોજીત કરવામાં આવી હતી.

### TSENTR

- ભારતે વર્ષ 2019માં TSENTRમાં ભાગ લીધો હતો.
- TSENTRએ રશિયાની આર્મીની વાર્ષિક વિવિધ કવાયતોનો એક ભાગ છે.



## ➤ કલાઈમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (આબોહવા પરિવર્તન પ્રદર્શન સૂચકાંક)

- ગ્લોબલ કલાઈમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ તાજેતરમાં **ન્યૂ કલાઈમેટ ઈન્સ્ટિટયૂટ, જર્મનવોચ** અને **CAN (કલાઈમેટ એકશન નેટવર્ક)** દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
- આ ઈન્ડેકસ **વર્ષ 2005 પછી 57 ગ્રીન હાઉસ ઉત્સર્જક દેશોનું રેટિંગ** કરે છે.
- આ સૂચકાંકનો હેતુ આંતરરાષ્ટ્રીય આબોહવા રાજકારણમાં પારદર્શિતા વધારવાનો છે.
- **ભારત સતત બીજા વર્ષે કલાઈમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેકસમાં ટોપ-10માં** રહયો છે.

### રેન્કિંગ

- કોઈપણ દેશ પેરિસ કરાર પૂર્ણ કરવા પ્રતિબદ્ધ ન હોવાથી ટોપ-3 દેશોમાં કોઈપણ દેશનો સમાવેશ કરાયો ન હતો.
- આ રેન્કિંગમાં **ચોથા ક્રમે સ્વિડન રહયો હતો**. ત્યારબાદ યુ. કે., ડેનમાર્ક, મોરોકકો, નોર્વે, ચિલી વગેરે જેવા દેશોનો સમાવેશ થયો હતો.

### આ ઈન્ડેકસની વિવિધ શ્રેણીઓ

- આ સૂચકાંક નીચેની મુખ્ય ચાર શ્રેણીમાં વિભાજિત છે :
  - નવીનીકરણીય ઊર્જા
  - ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન
  - કલાઈમેટ પોલિસી
  - ઊર્જા વપરાશ

### હવામાન પરિવર્તન અંગે ભારતની પ્રતિક્રિયાઓ

- આબોહવા અનુકૂલન માટે ભારતે **'નેશનલ એકશન પ્લાન ઓન કલાઈમેટ ચેન્જ'** શરૂ કર્યું હતું.
- સ્વચ્છ ઊર્જા પહેલને પ્રોત્સાહન આપવા માટે ભારતે **'ધ નેશનલ કિલન એનર્જી ફંડ'**ની શરૂઆત **વર્ષ 2010માં** કરી હતી.
- **પેરિસ કરાર અંતર્ગત ભારતે ત્રણ પ્રતિબદ્ધતા** દર્શાવી છે :

  (1) **ભારત ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન વર્ષ 2005ની તુલનામાં 2030 સુધીમાં 33%થી 35% સુધી ઘટાડશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(2)** ભારતની 40% પાવર ક્ષમતા બિન–અશ્મિભૂત બળતણ સ્ત્રોતો પર આધારિત હશે.

**(3)** 2030 સુધીમાં ભારત 2.5થી 3 બિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ અતિરિક્ત વન આવરણનું કાર્બન સિંક બનાવશે.

## ➤ મહારાષ્ટ્ર પોલીસનું ઓપરેશન બ્લેકફેસ, TRACE અને 'ક્રોલર'

- મહારાષ્ટ્ર પોલીસની સાયબર વિંગે તાજેતરમાં ઈન્ટરપોલ પાસેથી 'ક્રોલર' નામનું એક સોફ્ટવેર મેળવ્યું છે જે બાળ અશ્લીલતાને શોધી કાઢવામાં મદદ કરશે.
- આ સોફ્ટવેર સાથે સંકળાયેલા મિશનને અમલમાં મૂકવા માટે 12 અધિકારીઓનું એક મુખ્ય એકમ બનાવવામાં આવ્યું છે.
- આ 12 અધિકારીઓ ઈન્ટરપોલની સાઉથ એશિયન વિંગમાં તાલીમ લેવા ગયા હતા. આ એકમનું નામ 'TRACE' રાખવામાં આવ્યું છે.
  TRACE : Tactical Response Against Cyber Child Exploitation.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઓપરેશન બ્લેકફેસ

- તે બાળ જાતીય દુર્વ્યવહાર સામગ્રી સામે મહારાષ્ટ્ર રાજ્ય પોલીસે કરેલી કાર્યવાહીનો એક ભાગ છે.



ICE Questions

1. ભારતમાં સબમરીન દિવસ કયારે ઉજવવામાં આવે છે ?
(A) 6 ડિસેમ્બર (B) 7 ડિસેમ્બર (C) 8 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર **(C)**

2. SAARC વિશે ખોટું વિધાન જણાવો ?
(A) સ્થાપના : 1985માં
(B) મુખ્યમથક : ઢાકા
(C) કુલ સભ્ય દેશો : 8 દેશો
(D) આ સંગઠનમાં છેલ્લો જોડાયેલ દેશ અફઘાનિસ્તાન છે. **(B)**

3. આગ્રા મેટ્રો પ્રોજેકટના નિર્માણ કાર્યનું ઉદઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
(A) રેલવે મંત્રી શ્રી પિયુષ ગોયલ (B) ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ
(C) રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ (D) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી **(D)**

4. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?
(A) WPIની ગણતરી ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ વિભાગ હેઠળ કાર્યરત આર્થિક સલાહકારની કચેરી દ્વારા કરવામાં આવે છે.
(B) IIPની ગણતરી મિનીસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન અંતર્ગતની સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકસ ઓફિસ (CSO) દ્વારા તેની ગણતરી કરવામાં આવે છે.
(C) IIPમાં 6 કોર ઉદ્યોગોનો સમાવેશ થાય છે.
(D) CPIની ગણતરી સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકસ ઓફિસ (CSO) દ્વારા કરવામાં આવે છે. **(C)**

5. તાજેતરમાં 'PASSEX' કવાયત કયા બે દેશો વચ્ચે યોજવામાં આવી હતી ?
(A) ભારત–અમેરિકા (B) ભારત–સિંગાપોર
(C) ભારત–રશિયા (D) રશિયા–ચીન **(C)**

6. ‘ઈન્દ્ર (INDRA)’ નામની દ્વિ–વાર્ષિક કવાયત ભારત અને રશિયા વચ્ચે કયા વર્ષથી શરૂ કરવામાં આવી હતી ?
(A) વર્ષ 2004 (B) વર્ષ 2003 (C) વર્ષ 2005 (D) વર્ષ 2007 **(B)**


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**7.** સ્વચ્છ ઊર્જા પહેલને પ્રોત્સાહન આપવા માટે ભારતે 'ધ નેશનલ કિલન એનર્જી ફંડ'ની શરૂઆત કયા વર્ષે કરી હતી ?

(A) વર્ષ 2009 (B) વર્ષ 2011 (C) વર્ષ 2012 (D) વર્ષ 2010 **(D)**

**8.** તાજેતરમાં કયા રાજ્ય દ્વારા બાળ અશ્લીલતાને શોધી કાઢવા માટે 'ક્રોલર', 'TRACE' અને 'ઓપરેશન બ્લેક ફેસ' શરૂ કરાયું હતું ?

(A) મહારાષ્ટ્ર (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) ઉત્તરપ્રદેશ **(A)**

## 9 DECEMBER, 2020 WEDNESDAY

➤ દિવસ મહિમા : 9 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day)
(2) નરસંહારનો ભોગ બનેલા લોકોની યાદ માટેનો તથા નરસંહાર રોકવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

### આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન

- સમગ્ર વિશ્વમાં 9 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ'ની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં ભ્રષ્ટાચાર અને તેની નાબૂદી માટે જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની ઉજવણીની જાહેરાત 31 ઓક્ટોબર, 2003ના રોજ કરી હતી.
- વર્ષ 2020ની થીમ – 'Recover with Intergrity'




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ 2024ના પેરિસ ઓલિમ્પિકમાં બ્રેક ડાન્સ સત્તાવાર રમત

- બ્રેક ડાન્સ હવે સત્તાવાર રીતે ઓલિમ્પિક રમત બની છે.
- ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિ (IOC)એ પેરિસમાં 2024માં રમાનાર ઓલિમ્પિકમાં બ્રેક ડાન્સને સામેલ કરવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે.



- આ ઉપરાંત સ્કેટ બોર્ડિંગ, સ્પોર્ટ કલાઈમ્બિંગ અને સર્ફિંગની રમતને પણ પેરિસ ઓલિમ્પિકમાં સામેલ કરવામાં આવી છે.
- IOCએ 2024ના પેરિસ ઓલિમ્પિકમાં મેડલોની સંખ્યા ટોકયો ઓલિમ્પિકના મેડલોની તુલનામાં 10 જેટલા ઓછા કર્યા છે.
- બ્રેક ડાન્સ ઓલિમ્પિકમાં 'બ્રેકિંગ'ના નામે રમાશે.

## ➤ LiDAR ટેક્નિક શું છે ?

- ભારતીય રેલવે દિલ્હી વારાણસી હાઈસ્પીડ રેલ કોરિડોર માટે ગ્રાઉન્ડ સર્વે કરવા માટે LiDAR ટેક્નિકનો ઉપયોગ કરશે.


### યોજના શું છે ?

- ભારતીય રેલવે હેલિકોપ્ટરના માધ્યમથી કરીને LiDAR ટેક્નિકનો ઉપયોગ કરશે.
- મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેકટમાં તેની સફળતા પછી આ પહેલીવાર કરવામાં આવી રહ્યું છે.
- આ તકનીક અંતર્ગત સચોટ સર્વે માટે GPS ડેટા, લેઝર ડેટા, ફલાઈટ પેરામીટર્સના વિવિધ સંયોજનોનો ઉપયોગ કરવામાં આવશે.
- દિલ્હી વારાણસી કોરિડોરની લંબાઈ આશરે 800 કિલોમીટર છે. આ કોરિડોર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રને આગ્રા, લખનઉ, મથુરા, પ્રયાગરાજ, રાયબરેલી, ઈટાવાહ, ભદોહી, અયોધ્યા અને વારાણસી જેવા મોટા શહેરો સાથે જોડવાનો છે.

### LiDAR

LiDAR : Light Detection and Ranging ટેકનીક

- તે એક રીમોટ સેન્સિંગ પદ્ધતિ છે જે પૃથ્વી પર કોઈપણ અંતર માપવા માટે સ્પંદિત લેસરના રૂપમાં પ્રકાશનો ઉપયોગ કરે છે.
- LiDAR ઈન્સ્ટ્રુમેન્ટમાં સ્કેનર, લેસર અને GPS રિસીવરનો સમાવેશ થાય છે.
- LiDAR ટેક્નીક હેઠળ ડેટા મેળવવા માટે હેલિકોપ્ટર અને વિમાનએ સૌથી સામાન્ય રીતે ઉપયોગમાં લેવામાં આવતા પ્લેટફોર્મ છે.



## ➤ UNESCO વર્લ્ડ હેરિટેજ સિટી

- **મધ્યપ્રદેશના ઓરછા** અને **ગ્વાલિયર** જેવા શહેરોને યુનેસ્કોની 'વર્લ્ડ હેરિટેજ સિટી'ની યાદીમાં સૂચિત કરાયા.

### ઓરછા શહેર

- ઓરછા શહેર તેના મહેલો અને મંદિરો માટે પ્રસિદ્ધ છે.
- ઓરછા શહેર **16મી સદીમાં બુંદેલા સામ્રાજ્યની રાજધાની** હતું.
- ઓરછા શહેરમાં **જહાંગીર મહેલ, રાજ મહેલ, રાય પ્રવીણ મહેલ, રામ રાજા મંદિર અને લક્ષ્મી નારાયણ મંદિર** જેવા પ્રસિદ્ધ સ્થાનો છે.
- આ શહેરને વિશ્વ વિરાસત શહેરની યાદીમાં સામેલ કર્યા પછી ગુજરી મહેલ, માનસિંહ મહેલ અને સહસ્ત્ર બાહુ મંદિર જેવા ઐતિહાસિક સ્થળોનો રાસાયણિક ઉપચાર કરવામાં આવશે.
- ઓરછા **બેતવા નદી કિનારે સ્થિત** શહેર છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ગ્વાલિયર

- ગ્વાલિયર શહેર તેનાં મંદિરો અને મહેલો માટે જાણીતું છે.
- ગ્વાલિયર શહેરની સ્થાપના 9મી સદીમાં કરવામાં આવી હતી. આ શહેર પર રાજવંશો જેવા કે બાધેલ કછવાહો, તોમાર અને સિંધીયાવંશ દ્વારા શાસન કરવામાં આવ્યું હતું.

### UNESCO વર્લ્ડ હેરિટેજ સાઈટ

- યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO) દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટના ટેગ આપવામાં આવે છે.
- આ ટેગ્સ સમગ્ર વિશ્વમાં ફેલાયેલ **કુદરતી વારસા** અને **સાંસ્કૃતિક વારસા** માટે આપવામાં આવે છે.
- વર્લ્ડ હેરિટેજ સાઈટની સૂચિ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટી દ્વારા જાહેર કરવામાં આવે છે.



## ➤ UN ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એવોર્ડ 'ઈન્વેસ્ટ ઈન્ડિયા'ને એનાયત થયો

- **ધી યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલોપમેન્ટ (UNCTAD)**એ તાજેતરમાં **યુએન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એવોર્ડ, 2020**ના વિજેતા તરીકે **'ઈન્વેસ્ટ ઈન્ડિયા'**ને જાહેર કર્યો હતો.
- આ એવોર્ડ સમગ્ર વિશ્વમાં ફેલાયેલી રોકાણ પ્રોત્સાહન એજન્સીઓની ઉત્કૃષ્ટ સિદ્ધિઓને માન્યતા આપે છે.
- વર્ષ 2020માં લગભગ 180 જેટલી એજન્સીઓને આ એવોર્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવી હતી.

### યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)

- UNCTAD એ વેપાર, રોકાણ અને વિકાસના મુદ્દાઓ પર કામ કરે છે.
- આ સંગઠનનું મુખ્ય લક્ષ્ય મહત્તમ વેપાર અને રોકાણ છે.
- UNCTADની **સ્થાપના વર્ષ 1964માં** કરવામાં આવી હતી.
- તે ટ્રેડ એન્ડ ડેવલોપમેન્ટ રિપોર્ટ અને વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ જેવા અહેવાલો રજૂ કરે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઈન્વેસ્ટ ઈન્ડિયા

- 'ઈન્વેસ્ટ ઈન્ડિયા'એ ભારતની રાષ્ટ્રીય રોકાણ પ્રોત્સાહન અને સુવિધા એજન્સી છે.
- તેની સ્થાપના **ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન (DIPP) હેઠળ બિન-લાભકારી સંસ્થા (non-Profit Organization)** તરીકે કરવામાં આવી હતી.

INVEST INDIA
NATIONAL INVESTMENT PROMOTION
& FACILITATION AGENCY

## ➤ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 8 ડિસેમ્બર, 2020ના રોજ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસને સંબોધિત કરી હતી.

### ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના આયોજક

- ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ અને સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા

### ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2020ની થીમ

'Inclusive Innovation-smart, Secure, Sustainable'.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મહત્ત્વ

- ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસનું લક્ષ્ય સંશોધન અને વિકાસ, સ્થાનિક રોકાણો અને ઉભરતા ક્ષેત્રોને આગળ વધારવાના છે.
- ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ મુખ્યત્વે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યોરિટી, બ્લોક ચેઈન, ડેટા એનાલિટીક્સ, સ્માર્ટ સિટીઝ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

**ICE FACT :**

- IIT હૈદરાબાદે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર બેચલર ઓફ ટેક્નોલોજીનો કોર્સ શરૂ કર્યો હતો.
- આ કાર્યક્રમ શરૂ કરનાર તે ભારતની પ્રથમ શૈક્ષણિક સંસ્થા હતી.
- ભારતે સાયબર સિક્યુરિટી પોલિસી 2013માં શરૂ કરી હતી.

ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર **(A)**

2. આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન 2020ની થીમ જણાવો ?
(A) Recover with Discipline (B) Recovery with Intergration
(C) Recover with Integrity (D) Recover with Fraternity **(C)**

3. નીચેના પૈકી કઈ રમતને 2024ના પેરિસ ઓલિમ્પિકમાં સત્તાવાર રીતે સામેલ કરવામાં આવેલ નથી ?
(A) ક્રિકેટ T-20 (B) બ્રેક ડાન્સ (C) સ્કેટ બોર્ડિંગ (D) સર્ફિંગ **(A)**

4. LiDARનું પૂરૂનામ જણાવો ?
(A) Light Detection and Ranging (B) Light Detecting and Range
(C) Light Detection and Range (D) Light Detect During Ranging **(A)**

5. UNESCOની વર્લ્ડ હેરિટેજ સિટીની યાદીમાં સામેલ કરાયેલ શહેર ઓરછા ભારતમાં કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) કર્ણાટક (B) મહારાષ્ટ્ર (C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ **(D)**

6. નીચેના પૈકી ખોટું વિધાન જણાવો ?
(A) UN ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એવોર્ડ 'ઈન્વેસ્ટ ઈન્ડિયા'ને એનાયત થયો.
(B) UNCTADની સ્થાપના વર્ષ 1964માં થઈ હતી.
(C) ઈન્વેસ્ટ ઈન્ડિયા એ ભારતની રાષ્ટ્રીય રોકાણ પ્રોત્સાહન અને સુવિધા એજન્સી છે.
(D) ઓરછા શહેર નર્મદા નદીને કિનારે સ્થિત છે. **(D)**

7. આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ પર બેચલર ઓફ ટેક્નોલોજીનો કોર્સ સૌપ્રથમ ભારતમાં કઈ સંસ્થાએ શરૂ કર્યો હતો ?
(A) IIT, દિલ્હી (B) IIT, હૈદરાબાદ (C) IIT, કાનપુર (D) IIT, ખડગપુર **(B)**

8. ભારતે સાયબર સિક્યુરિટી પોલિસી કયા વર્ષે શરૂ કરી હતી ?
(A) 2012 (B) 2014 (C) 2013 (D) 2015 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 10 DECEMBER, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 10 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ (Human Rights Day)




- સમગ્ર વિશ્વમાં <u>10 ડિસેમ્બર</u>ના રોજ <u>'આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ લોકોને માનવ અધિકાર વિશે જાગૃત કરવાનો છે.
- <u>યુનાઈટેડ નેશન્સ</u> દ્વારા <u>10 ડિસેમ્બર, 1948</u>થી આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- ભારતમાં <u>માનવાધિકાર કાયદો 28 સપ્ટેમ્બર, 1993ના રોજ અમલમાં</u> આવ્યો હતો ત્યારબાદ સરકારે <u>12 ઓક્ટોબર, 1993</u>ના રોજ <u>માનવ અધિકાર પંચની સ્થાપના</u> કરી હતી.
- રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનું <u>મુખ્યાલય નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- 'આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ' 2020ની થીમ – <u>'Recover Better - Stand Up for Human Rights'.</u>

**ICE FACT :**

- પરંપરાગત રીતે 10 ડિસેમ્બરના રોજ યુનાઈટેડ નેશન્સ દ્વારા માનવાધિકાર ક્ષેત્રનો નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- 10 ડિસેમ્બરએ <u>'આલ્ફ્રેડ નોબેલ'</u>ની પુણ્યતિથી છે.
- 2020નો નોબેલ શાંતિ પુરસ્કાર <u>'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)'</u>ને એનાયત કરવામાં આવ્યો હતો.
- <u>ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશન</u>ની રચના <u>12 સપ્ટેમ્બર, 2006</u>ના રોજ કરવામાં આવી હતી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ક્રિકેટર પાર્થિવ પટેલની ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ

- ભારતના ભૂતપૂર્વ વિકેટકીપર અને બેટ્સમેન પાર્થિવ પટેલે ઈન્ટરનેશનલ ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે.
- પાર્થિવ પટેલે તેની 18 વર્ષની ક્રિકેટ કારકિર્દીમાં ભારત માટે 25 ટેસ્ટ, 38 વન–ડે તથા 2 ટી-20 ઈન્ટરનેશનલ મેચો રમી હતી.
- ડોમેસ્ટિક ક્રિકેટમાં પાર્થિવ પટેલે ગુજરાત માટે 194 મેચો રમી છે.
- પાર્થિવ પટેલનો જન્મ ગુજરાતના અમદાવાદમાં થયો હતો.

### ક્રિકેટમાં પાર્થિવ પટેલની સિદ્ધિઓ

- પાર્થિવ પટેલે વર્ષ 2002માં ભારત માટે ઈંગ્લેન્ડ સામે નોટિંગહામ ખાતે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. તે ભારત માટે ટેસ્ટ રમનાર યંગેસ્ટ વિકેટકીપર બન્યો હતો.
- વર્ષ 2017ના જાન્યુઆરીમાં પાર્થિવ પટેલની કેપ્ટનશીપ હેઠળ ગુજરાત પ્રથમ વખત રણજી ટ્રોફી ચેમ્પિયન બન્યું હતું.

## ➤ દેશમાં વાઈફાઈ ક્રાંતિ લાવવા 'PM-WANI' યોજનાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

- દેશભરમાં વ્યાપક વાઈફાઈ નેટવર્ક ઊભું કરવા કેન્દ્ર સરકારની યોજના 'PM-WANI'ને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી હતી.
- **PM-WANI :- Public wi-fi Access Network Interface'**
- કોઈપણ પ્રકારની લાઈસન્સ ફીની વસૂલાત વિના પબ્લિક ડેટા ઓફિસના માધ્યમથી પબ્લિક વાઈફાઈ સર્વિસ ઉપલબ્ધ કરાવવા માટે પબ્લિક વાઈફાઈ નેટવર્કની સ્થાપના માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે આ મંજૂરી આપી હતી.
- દેશમાં પબ્લિક વાઈફાઈ નેટવર્કના વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ યોજના તૈયાર કરાઈ છે.
- આ એક PCO મોડેલ (Public Call office) જેવું જ છે.
- PM-WANI યોજના અંતર્ગત દેશભરમાં પબ્લિક ડેટા સેન્ટર ખોલવામાં આવશે. પબ્લિક ડેટા સેન્ટર માટે કોઈ લાઈસન્સ ફી ચૂકવવાની રહેશે નહીં અને રજિસ્ટ્રેશન પણ કરાવવું પડશે નહીં.

- દેશભરમાં **પબ્લિક ડેટા ઓફિસ એગ્રીગેટર્સ (PDOAS)ની નિયુક્તિ** કરાશે જેઓ પબ્લિક ડેટા ઓફિસ દ્વારા સમગ્ર દેશમાં પબ્લિક વાઈફાઈ સર્વિસ પૂરી પાડશે.

## કેન્દ્રીય કેબિનેટના અન્ય નિર્ણયો

- **લક્ષદ્વિપના ટાપુઓને પણ ફાઈબર કનેક્ટિવિટીથી જોડાશે.**
- કોચ્ચીથી લક્ષદ્વિપ વચ્ચે આવેલા 11 ટાપુઓમાં 1,000 દિવસમાં કનેક્ટિવિટી પહોંચાડવામાં આવશે.

**ICE FACT :**

- **Wi-Fi : Wireless Fidelity**

## ➤ ભારત ઈઝરાયેલની રિમોટ કંટ્રોલ્ડ ગન સ્મૈશ-2000 ખરીદશે

- ભારત ઈઝરાયેલ પાસેથી રિમોટ કંટ્રોલ્ડ ગન સ્મૈશ-2000 મર્યાદિત સંખ્યામાં ખરીદશે.
- સ્મૈશ-2000 ગન એન્ટી–ડ્રોન હથિયાર કમ્પ્યૂટરાઈઝ્ડ ફાયર કંટ્રોલ અને ઈલેક્ટ્રો–ઓપ્ટિક સાઈટ પ્રણાલી જેવી આધુનિક ટેકનિકથી સજ્જ છે.
- આ ગનને કોઈપણ રાઈફલ પર સરળતાથી ફીટ કરી શકાય છે.
- **4 ડિસેમ્બર**ના રોજ **'નૌકાદળ દિવસ'**ના અવસર નિમિત્તે નૌકાદળ **એડમિરલ કરમબીરસિંહે** આ અંગે જાહેરાત કરી હતી કે ડ્રોન હુમલાને પહોંચી વળવા માટે નૌકાદળ આ પ્રકારની સ્મૈશ-2000 સિસ્ટમ ખરીદવા જઈ રહ્યું છે.
- આ ગન લગભગ 120 મીટર ઊંચાઈ સુધી ઉડી રહેલાં ડ્રોનને તોડી પાડવા માટે સક્ષમ છે.
- આ ગન પોતાની રીતે લક્ષ્યને શોધીને તેને લોક કરી શકે છે. ત્યારબાદ દૂર બેઠેલા ઓપરેટરને લાગે છે કે હવે ફાયર કરવાથી લક્ષ્યને વધુ નુકસાન થશે, ત્યારે એ રિમોટ કંટ્રોલ થકી ફાયર કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ લક્ષદ્વિપને 100% ઓર્ગેનિક (કાર્બનિક) જાહેર કરાયું

- **કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય** દ્વારા તાજેતરમાં **કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વિપ**ને **'જૈવિક કૃષિ ક્ષેત્ર'** તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું.
- **100% કાર્બનિક ક્ષેત્રનો દરજ્જો** મેળવનાર **લક્ષદ્વિપ સિક્કિમ બાદ ભારતમાં બીજા ક્રમનું** છે.
- **ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ પ્રકારનો દરજ્જો મેળવનાર લક્ષદ્વિપ પ્રથમ** છે.
- કેન્દ્ર સરકારની **'પરંપરાગત કૃષિ વિકાસ યોજના'** હેઠળ આ કેન્દ્રશાસિત પ્રદેશનો સમગ્ર 32 ચોરસ કિલોમીટરનો વિસ્તાર કાર્બનિક તરીકે પ્રમાણિત કરવામાં આવ્યો છે.
- છેલ્લા 15 વર્ષથી આ ટાપુ જૂથ પર કોઈ રસાયણ કે ખાતરોનું જહાજ મોકલવામાં આવ્યું નથી.
- આ કેન્દ્રશાસિત પ્રદેશનું વહીવટીતંત્ર ફક્ત કુદરતી ખાતર, પોલ્ટ્રી ખાતર, લીલા પાંદડાઓ વગેરેનો ઉપયોગ કરીને ખેતી કરી રહયું છે.
- આ કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા રસાયણોની ખરીદી માટે કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી.

### ઓર્ગેનિક ફાર્મિંગ (કાર્બનિક ખેતી) શું છે ?

- ઓર્ગેનિક ફાર્મિંગમાં ખેતી અને પશુપાલન પ્રાકૃતિક પદ્ધતિથી કરવામાં આવે છે.
- તે જમીનની ફળદ્રુપતા અને ઈકોલોજીકલ સંતુલનને જાળવવા માટે કૃત્રિમ પદાર્થોના ઉપયોગને ટાળે છે.
- આ દ્વારા કાર્બનિક ખેતીનો ઉદ્દેશ કચરો અને પ્રદૂષણને ઘટાડવાનો છે.

### કાર્બનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારની યોજનાઓ

- **પરંપરાગત કૃષિ વિકાસ યોજના**
- **નેશનલ મિશન ઓન ઓઈલ સિડ્સ એન્ડ ઓઈલ પાલ્મ**
- **નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન**

**ICE FACAT :**

- **વર્ષ 2000માં ઓર્ગેનિક ફાર્મિંગ પોલિસી શરૂ કરનારું પ્રથમ રાજ્ય ઉત્તરાખંડ હતું.**
- **100% ઓર્ગેનિક બનનાર સિક્કિમ પહેલું રાજ્ય હતું.**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ખેલો ઈન્ડિયા

- યુવા બાબતો અને રમતગમતના કેન્દ્રીય પ્રધાન કિરણ રિજુજીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકાર આખા ભારતમાં 1000 ખેલો ઈન્ડિયા કેન્દ્રો શરૂ કરશે.
- આ કેન્દ્રો દેશમાં રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે.

### ખેલો ઈન્ડિયા પ્રોગ્રામ

- ખેલો ઈન્ડિયા પ્રોગ્રામ વર્ષ 2018માં શરૂ કરવામાં આવ્યો હતો.
- આ પ્રોગ્રામ અંતર્ગત આર્થિક વિકાસ, રાષ્ટ્રીય વિકાસ, સામુદાયિક વિકાસ અને વ્યક્તિગત વિકાસ માટે રમતગમતને પ્રાધાન્ય આપવામાં આવશે.
- રાજીવ ગાંધી ખેલ અભિયાન, અર્બન સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્કિમ અને નેશનલ સ્પોર્ટ્સ ટેલેન્ટ સર્ચ સિસ્ટમ જેવી અગાઉની પહેલોને એકીકૃત કરીને આ કાર્યક્રમની અમલવારી કરવામાં આવી રહી છે.
- આ યોજનાને કેન્દ્ર સરકાર દ્વારા 100% ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત પસંદ થયેલ રમત વીરો સતત 8 વર્ષ સુધી 5 લાખ રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર છે.

## ➢ 5G NR શું છે ?

- નોકિયાએ ભારતમાં તેની આગામી પેઢી 5Gના સાધનોનું ઉત્પાદન શરૂ કર્યું. નોકિયાએ ભારતમાં 5G NRનું ઉત્પાદન કરનાર પ્રથમ કંપની છે.

### 5G NR

- 5G NR : Fifth Generation New Radio
- તે પાંચમી પેઢીના મોબાઈલ નેટવર્ક માટે વિકસિત નવી રેડિયો એક્સેસ ટેક્નોલોજી છે.
- તે 5G નેટવર્ક ઈન્ટરફેસના ધોરણો માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું.
- 5G NR સંબંધિત અભ્યાસ વર્ષ 2015માં શરૂ થયો હતો અને હવે નોકિયા, એરિકસન વગેરે જેવી અગ્રણી ટેલિકમ્યુનિકેશન કંપનીઓ દ્વારા તેને અપનાવવામાં આવ્યું છે.
- આ નવી ટેક્નોલોજી હાઈ કવોલિટી વિડીયોઝના સ્ટ્રીમીંગ વખતે હાઈબેન્ડવિથ કમ્યુનિકેશન્સ પૂરું પાડે છે.

**ICE FACAT :**

- 2019માં દક્ષિણ કોરિયા 5G નેટવર્ક રોલ આઉટ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?<br>(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર | (B) |
| 2. | ભારતમાં માનવ અધિકાર પંચની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?<br>(A) 12 ઓકટો, 1992 (B) 12 સપ્ટેમ્બર, 1993<br>(C) 28 સપ્ટેમ્બર, 1993 (D) 12 ઓકટોબર, 1993 | (D) |
| 3. | 'આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ'ના વર્ષ 2020ની થીમ જણાવો ?<br>(A) Stand up for the human rights.<br>(B) Our Rights, Our Freedoms, Always.<br>(C) Stand up for someone's rights today<br>(D) Recover Better-Stand up for Human Rights. | (D) |
| 4. | ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશનની રચના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?<br>(A) 2002 (B) 2003 (C) 2005 (D) 2006 | (D) |
| 5. | તાજેતરમાં ક્રિકેટર પાર્થિવ પટેલે ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી, પાર્થિવ પટેલની કેપ્ટનશીપ હેઠળ ગુજરાત કયા વર્ષમાં રણજી ટ્રોફીમાં ચેમ્પિયન બન્યું હતું ?<br>(A) 2016 (B) 2017 (C) 2018 (D) 2015 | (B) |
| 6. | 'PM-WANI' યોજના અંતર્ગત ભારતમાં શું વધારવામાં મદદ મળશે ?<br>(A) વ્યાપક વાઈફાઈ નેટવર્ક (B) કૃષિ ઈન્ફ્રાસ્ટ્રકચર<br>(C) 5G ક્રાંતિ (D) ઉપરોકત પૈકી એકપણ નહીં | (A) |
| 7. | ભારતીય નેવી માટે કયા દેશ પાસેથી રિમોટ કંટ્રોલ્ડ ગન સ્મેશ-2000 ખરીદવામાં આવશે ?<br>(A) અમેરિકા (B) ઈઝરાયેલ (C) રશિયા (D) ફ્રાંસ | (B) |
| 8. | ભારતમાં તાજેતરમાં કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશને 100% ઓર્ગેનિક જાહેરાત કરવામાં આવ્યું ?<br>(A) પુડુચેરી (B) દાદરા અને નગર હવેલી<br>(C) લક્ષદ્વિપ (D) આસામ | (C) |
| 9. | યુવા બાબતો અને રમતગમતના કેન્દ્રીય પ્રધાન કિરણ રિજુજીએ તાજેતરમાં જાહેરાત કર્યા મુજબ આખા દેશમાં કેટલા ખેલો ઈન્ડિયા કેન્દ્રો શરૂ કરવામાં આવશે ?<br>(A) 100 (B) 1000 (C) 10000 (D) 1 લાખ | (B) |
| 10. | તાજેતરમાં ભારતમાં 5G NR સાધનોનું ઉત્પાદન શરૂ કરનાર કઈ પ્રથમ કંપની બની ?<br>(A) એરિકસન (B) રિલાયન્સ–જિઓ (C) સેમસંગ (D) નોકિયા | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


## 11 DECEMBER, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 11 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day)

- પર્વતોના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2003માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ 2020ની થીમ – 'Mountain Biodiversity'. (પર્વત જૈવવિવિધતા)

### ➤ લોક સાહિત્ય અને સંગીતક્ષેત્ર સાથે સંકળાયેલા ડૉ. હસુ યાજ્ઞિકનું નિધન

- ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓ, વિવેચનગ્રંથો, અભ્યાસગ્રંથો, નારીગ્રંથો અને ખાસ કરીને લોકસાહિત્ય અને સંગીત ક્ષેત્રે ઊંડો અભ્યાસ કરનાર ડૉ. હસુ યાજ્ઞિકનું 83 વર્ષની વયે નિધન થયું હતું.



**ડૉ. હસુ યાજ્ઞિક**

- જન્મ : 12 ફેબ્રુઆરી, 1938 (રાજકોટ)
- મૃત્યુ : 9 ડિસેમ્બર, 2020
- પુરૂનામ : હસમુખરાય વ્રજલાલ યાજ્ઞિક
- ઉપનામો : ઉપમન્યુ, પુષ્પધન્વા, બી.કાશ્યપ, વજ્રનંદન જાની, શ્રીધર
- તેઓ ગુજરાત સાહિત્ય અકાદમીના મહાપાત્ર રહી ચૂકયા છે.
- તેમને કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પશ્ચિમ ભારતના કલાસિક લિટરેચર–સ્કોલર તરીકે ભાષા સન્માન પ્રાપ્ત થયું હતું.

**સાહિત્ય સર્જન**

- નવલકથાઓ : દગ્ધા, હાઈવે પર એક રાત, બીજી સવારનો સૂરજ, સોળ પછી, નીરા કૌસાની
- વાર્તાસંગ્રહો : મનડાની માયા, એક જુબાનીમાંથી, પછીતના પથ્થરો
- વિવેચનગ્રંથ : મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથા, મધ્યકાલીન કથા સાહિત્ય, શામળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ વડાપ્રધાન શ્રીએ નવા બની રહેલા સંસદ ભવનનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કર્યું

- કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત નવા સંસદ ભવનનું ભૂમિપૂજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 10 ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરાયું હતું.
- આ પ્રસંગે લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા, રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી હરીવંશ નારાયણ સિંઘ, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ સહિતના મંત્રીઓ અને તાતા ટ્રસ્ટના ચેરમેન રતન તાતા પણ હાજર રહયા હતા.

### સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત નવા સંસદ ભવનનું નિર્માણ



- નવું સંસદભવન ત્રિકોણ આકારમાં બનાવવામાં આવશે.
- આ ઈમારત કુલ 971 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થશે.
- નવા સંસદ ભવનની ડિઝાઈન અમદાવાદની HCP મેનેજમેન્ટે તૈયાર કરી છે તેમજ ભવન નિર્માણનો કોન્ટ્રાકટ તાતા પ્રોજેક્ટ્સને અપાયો છે.
- નવુ સંસદ ભવન 64,500 ચોરસમીટરમાં બનશે.
- તેમાં 888 લોકસભાના સાંસદો બેસી શકે તેવી ક્ષમતા હશે. તેમજ 326 રાજ્યસભાના સાંસદ બેસી શકશે.
- સંયુકત સત્ર દરમિયાન તેમાં 1224 સાંસદને હોલમાં સમાવી શકાશે.
- વર્ષ 2022 સુધીમાં ઈમારત તૈયાર થઈ જશે.
- 1224 સાંસદો માટે કચેરીની વ્યવસ્થા હશે.

### જૂના સંસદ ભવન પર એક નજર

- બ્રિટિશ શાસનકાળ દરમિયાન 12 ફેબ્રુઆરી, 1921ના રોજ તેનો પાયો નખાયો હતો.
- જૂના સંસદ ભવનની ડિઝાઈન એડ્વીન લ્યુટેન્સ તથા હર્બર્ટ બેકર દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- વર્ષ 1927માં આ સંસદ ભવન બનીને તૈયાર થયું ત્યારે તેનું ઉદ્ઘાટન 18 જાન્યુઆરીના રોજ તત્કાલિન વાઈસરોય લોર્ડ ઈરવિન દ્વારા કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સંસદ ભવન 83 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું હતું.
- જૂના સંસદ ભવનને હવે મ્યુઝિયમ તરીકે જાળવી રખાશે.


## ➢ પ્રજા ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં 'અર્બન ગવર્નન્સ ઈન્ડેક્સ' બહાર પડાયો

- પ્રજા ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા 'અર્બન ગવર્નન્સ ઈન્ડેક્સ'માં **ટોચ પર ઓડિશા** રહયું હતું.

### Urban Governance Index (શહેરી શાસન સૂચકાંક)

- અર્બન ગવર્નન્સ ઈન્ડેક્સ અનુસાર ટોચના પાંચ રાજ્યો નીચે મુજબ છે :

1. ઓડિશા
2. મહારાષ્ટ્ર
3. છત્તીસગઢ
4. કેરળ
5. મધ્યપ્રદેશ




- આ યાદીમાં **દિલ્હી 13મા ક્રમે** રહયુ હતું.
- રાજ્યોને 0 થી 100ની વચ્ચે પ્રદર્શનના આધારે અંકો આપવામાં આવ્યા હતા જેમાં રાજ્યોનો શહેર વહીવટ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને લેજિસ્લેટીવ સ્ટ્રક્ચર, નાગરિકોનું સશકિતકરણ વગેરે જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ રેન્કિંગ શહેરી શાસન સુધારણાના આધારે કરવામાં આવ્યું હતું.
- આ ઈન્ડેક્સ તૈયાર કરવા માટે પ્રજા ફાઉન્ડેશને **વિવિધ 40 શહેરોમાં** અને **રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ત્રણ વર્ષ અભ્યાસ હાથ ધર્યો** હતો.
- આ ઈન્ડેક્સ તૈયાર કરવા માટે પ્રજા ફાઉન્ડેશને **4 વિષયો, 13 પેટા-વિષયો** અને **42 પરિમાણોનો ઉપયોગ** કર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ પ્રવાસી ભારતીય દિવસ સંમેલન

- વિદેશ રાજ્યમંત્રી શ્રી વી મુરલીધરને તાજેતરમાં જ 16મા પ્રવાસી ભારતીય દિવસ 2021 માટે વેબસાઈટ શરૂ કરી હતી.
- તેમણે એમ પણ જાહેર કર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 9 જાન્યુઆરીએ 'પ્રવાસી ભારતીય દિવસ સંમેલન'નું ઉદ્દઘાટન કરશે.

### પ્રવાસી ભારતીય દિવસ સંમેલન વિશે

- પ્રવાસી દિવસ સંમેલન દરમિયાન લગભગ ચાર સંમેલનો યોજાવાના છે. તેઓ બધા નીચેની થીમો પર આધારિત હશે :

1. ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે પ્રવાસી ભારતીયોની ભૂમિકા
2. ડાયસ્પોરા બિઝનેસ લીડર્સ અને CEO સાથે સંવાદ -5 ટ્રિલિયન ડૉલરનું લક્ષ્યાંક
3. રિજનલ PBD-GCC : ઈન્ડિયા પ્રવાસી ભારતીય દિવસ કોન્ફરન્સ
4. ભારતને પ્રદર્શિત કરવા માટે મીડિયા અને મનોરંજન ભાગીદારી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### પ્રવાસી ભારતીય દિવસ વિશે

- દર વર્ષે પ્રવાસી ભારતીય દિવસ 9 જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે.
- આ દિવસ દેશના વિકાસ માટે બિન-નિવાસી ભારતીયો દ્વારા આપવામાં આવેલ યોગદાનને ધ્યાનમાં રાખીને ઉજવવામાં આવે છે.
- 9 જાન્યુઆરી, 1915ના રોજ મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા હોવાથી 9 જાન્યુઆરીએ 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### પ્રવાસી ભારતીય દિવસ કોના દ્વારા પ્રાયોજિત કરવામાં આવે છે ?

- વિદેશ મંત્રાલય
- ઉત્તરપૂર્વ રાજ્ય ક્ષેત્રનું વિકાસ મંત્રાલય
- Confederation of Indian Industries (CII)
- Federation of Indian Chambers of Commerce and Industry (FICCI)
- આ દિવસે 'પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ' રજૂ કરવામાં આવે છે.

## ICE FACT :

- પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની ભલામણ એલ. એમ. સિંઘવી સમિતિએ કરી હતી. તેમજ આ દિવસ ઉજવવા માટેની જાહેરાત તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેઈએ કરી હતી.
- વર્ષ 2003માં નવી દિલ્હી ખાતે પ્રવાસી ભારતીય દિવસ (PBD)ની ઉજવણી સૌપ્રથમ વખત કરવામાં આવી હતી.
- વર્ષ 2019માં ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે 15મા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2015માં ગુજરાતના ગાંધીનગર ખાતે 13મા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાત તથા ભારત સરકારની
યોજના
400 થી વધુ મહત્વની યોજનાઓ

NOW AVAILABLE

Source
Authorised Data From
Government Ministries
Press Information Bureau
www.india.gov.in (National Portal of India)
Government Declarations

- પ્રિલિમ તથા મુખ્ય પરીક્ષા માટે ઉપયોગી
- જાહેર વહીવટ, પંચાયતી રાજ અને વિજ્ઞાન & ટેકનોલોજી સાથે સંલગ્ન યોજનાઓ સમાવિષ્ટ
- મહત્ત્વના વેબ પોર્ટલ અને મોબાઈલ એપ યાદ રાખવા QUICK TABLE
- મંત્રાલયો મુજબ યોજનાઓનું વર્ગીકરણ
- સરકારના દરેક ક્ષેત્રોની યોજનાઓનું 360° કવરેજ
- હાઈસ્કોર કરવા માટે FACTS & DATAનું વિભાગવાર સંકલન
- દરેક યોજનાની ટેગલાઈન, લોગો, તારીખ, સ્થળ અને લાભાર્થી સાથેની વિસ્તૃત અને વિવરણાત્મક માહિતી
- અગાઉની પરીક્ષામાં પૂછાયેલી યોજનાનું સંકલન



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
Available at amazon
વધુ માહિતી માટે CALL 93753-01110
આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

ICE Questions

1. "આંતરાષ્ટ્રીય પર્વત દિવસ"ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
   (A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર **(B)**

2. 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ 2020'ની થીમ જણાવો ?
   (A) Mountain Matter (B) Mountain Ecosystem
   (C) Mountain Biodiversity (D) Mountain Climate Change **(C)**

3. નીચેનામાંથી કયું ઉપનામ ડૉ. હસુ યાજ્ઞિકનું નથી ?
   (A) ઉપમન્યુ (B) શ્રીધર (C) પુષ્પ ધન્વા (D) વસંત **(D)**

4. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેકટ અંતર્ગત નિર્માણ પામનાર નવા સંસદ ભવનનો આકાર કેવો હશે ?
   (A) ત્રિકોણ (B) ચોરસ (C) લંબચોરસ (D) પંચકોણ **(A)**

5. નવા સંસદ ભવનની ડિઝાઈન તૈયાર કરનાર કંપની HCP મેનેજમેન્ટ ગુજરાતના કયા શહેર સાથે સંકળાયેલ છે ?
   (A) રાજકોટ (B) ગાંધીનગર (C) અમદાવાદ (D) વડોદરા **(C)**

6. વર્તમાન સંસદ ભવનનું ઉદ્દઘાટન તત્કાલિન સમયે કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
   (A) લોર્ડ રીડીંગ (B) લોર્ડ ઈરવીન
   (C) લોર્ડ વિલિંગ્ટન (D) લોર્ડ લિનલિથગો **(B)**

7. પ્રજા ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલા 'અર્બન ગવર્નન્સ ઈન્ડેકસ' મુજબ કયું રાજ્ય ટોચ પર રહ્યું હતું ?
   (A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) છત્તીસગઢ (D) ઓડિશા **(D)**

8. પ્રજા ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલા 'અર્બન ગવર્નન્સ ઈન્ડેકસ'માં કેટલા પરિમાણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?
   (A) 40 (B) 41 (C) 42 (D) 44 **(C)**

9. પ્રવાસી ભારતીય દિવસ વિશે ખોટું વિધાન જણાવો ?
   (A) પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી 9 જાન્યુઆરીએ કરવામાં આવે છે.
   (B) બિન–નિવાસી ભારતીયો દ્વારા દેશના વિકાસમાં આપેલા યોગદાનને યાદ કરવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
   (C) પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનું આયોજન પ્રવાસન મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.
   (D) આ દિવસ ઉજવવાની ભલામણ એલ. એમ. સિંઘવી સમિતિએ કરી હતી. **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**12 DECEMBER, 2020 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 12 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ (International Universal Health Coverage Day)
## (2) આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ (International Day of Neutrality)

### આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ (International Universal Health Coverage Day)

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 12 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ 2020ની થીમ – **'Health for All : Protect Everyone'**

## ➤ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે રજવાડાના ઈતિહાસની ગાથા મ્યુઝિયમમાં મુકાશે

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી બાદ 562 દેશી રજવાડાઓનું ભારતમાં વિલિનીકરણ કરી એક અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યુ તેની ગૌરવવંતી સ્મૃતિ અને ઈતિહાસ આવનારી પેઢી સુધી અકબંધ સચવાઈ રહે તે માટે કેવડિયા સ્ટેચ્યૂ ઓફ યુનિટી પરિસરમાં આ ઈતિહાસનો સાક્ષાત્કાર કરાવતું ભવ્ય મ્યુઝિયમ નિર્માણ કરવાનો નિર્ણય કર્યો છે.
- મુખ્યમંત્રી શ્રીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં નિર્ણય લેવાયો છે, જે મુજબ દેશભરના રાજ્યોનો સંપર્ક કરીને તેમના તત્કાલીન રાજા–રજવાડાઓની વિગતો, વિલિનીકરણના દસ્તાવેજો, બેનમૂન ચીજવસ્તુઓ ઐતિહાસિક વિરાસતની સંપૂર્ણ વિગતો મેળવી આ મ્યુઝિયમમાં શો કેસ કરાશે.
- દેશી રજવાડાના ઈતિહાસની ગાથા અત્યાધુનિક-3D, હોલોગ્રાફી–ઓગમેન્ટેડ રિયાલિટી સહિત ઓડિયો વીડિયો કંટ્રોલ લાઈટ સિસ્ટમ આકર્ષણો સાથે મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો માટે વર્ચ્યુઅલ સમિટ યોજાઈ

- 11 ડિસેમ્બર, 2020નાં રોજ ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરવા માટે વર્ચ્યુઅલ સમિટ યોજાઈ હતી.
- આ વર્ચ્યુઅલ સમિટ દરમિયાન **ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** ઉઝબેકિસ્તાનના વડાપ્રધાન સાથે વાતચીત કરી હતી.
- આ સમિટ મુખ્યત્વે ઉગ્રવાદ, આતંકવાદ અને કટ્ટરપંથીકરણ પર કેન્દ્રિત હતી.
- આ સમિટ દરમિયાન બંને દેશોએ દ્વિપક્ષીય રોકાણ વધારવા માટેના કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.
- બંને દેશોએ નવીનીકરણીય ઊર્જા, ડિજીટલ ટેક્નોલોજીઓ, સામુદાયિક વિકાસ પ્રોજેક્ટ્સ, સાયબર સિક્યુરિટી જેવાં અન્ય કરારો પર પણ હસ્તાક્ષરો કર્યા હતા.

### પૃષ્ઠભૂમિ

- **ચાબહાર બંદર** દ્વારા કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા **ભારત**, **ઈરાન** અને **ઉઝબેકિસ્તાન** વચ્ચે **ત્રિપક્ષીય સંવાદ યોજવાના** **'ઉઝબેક પ્રસ્તાવને'** ભારતે આવકાર્યો હતો.
- ભારતે ઉઝબેકિસ્તાનને **'નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર'**માં જોડાવા વિનંતી કરી હતી.
- સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ માટેની ભારતીય ઉમેદવારીને ઉઝબેકિસ્તાને ટેકો આપ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સંરક્ષણ ક્ષેત્રે ભારત-ઉઝબેકિસ્તાનના કરારો

- ભારત અને ઉઝબેકિસ્તાને લશ્કરી દવામાં અને લશ્કરી શિક્ષણમાં સહયોગ વધારવા માટે 2019માં સંરક્ષણ ક્ષેત્રે ત્રણ સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા હતા.

### દસ્તલિક 2019

- તે **ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે યોજાયેલ સંયુકત લશ્કરી કવાયત** છે.
- **પ્રથમ દસ્તલિક લશ્કરી કવાયત વર્ષ 2019માં** યોજાઈ હતી.

## ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ન્યૂક્લિયર સમજૂતી

- જાન્યુઆરી 2019માં, ભારતને લાંબા સમય સુધી યુરેનિયમ સપ્લાય કરવા માટે ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે પરમાણુ કરાર પર હસ્તાક્ષર થયા હતા.
- **ઉઝબેકિસ્તાન વિશ્વમાં યુરેનિયમનો સાતમો સૌથી મોટો નિકાસકાર દેશ છે.**
- કઝાકિસ્તાન પછી ઉઝબેકિસ્તાન એ ભારતમાં યુરેનિયમ નિકાસ કરનારો બીજો મધ્ય એશિયન દેશ છે.

## ➤ ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોઝ અભિયાન

- **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)** દ્વારા તાજેતરમાં 'ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોઝ' અભિયાનની પ્રશંસા કરવામાં આવી હતી.
- **'ફીટ ઈન્ડિયા' આંદોલનના** ભાગરૂપે આ અભિયાન શરૂ કરાયું હતું.
- **કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી કિરણ રિજીજુએ** તેની શરૂઆત કરાવી હતી. આ અભિયાનને ત્યારબાદ દેશના પ્રખ્યાત સેલિબ્રિટીઓએ સમર્થન આપ્યું હતું.
- આ અભિયાન ભારતીય નાગરિકોને દરરોજ 30 મિનિટ ફિટનેસ માટે આપવા વિનંતી કરે છે.
- 'ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોઝ' કેમ્પેઈનનો ખ્યાલ **ભારતીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ફીટ ઈન્ડિયા સંવાદ'** દરમિયાન રજૂ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ફીટ ઈન્ડિયા સંવાદ

- સપ્ટેમ્બર 2020માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફીટ ઈન્ડિયા સંવાદમાં ફીટનેસ બાબતે તેમના વિચારો રજૂ કર્યા હતા.
- ફીટ ઈન્ડિયા સંવાદ એક વર્ચ્યુઅલ ઈવેન્ટ હતી જે 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ'ની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી માટે યોજવામાં આવી હતી.
- ક્રિકેટર વિરાટ કોહલી સહિત અનેક મહાનુભાવોએ આ સંવાદમાં ભાગ લીધો હતો.

### ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ

- ફીટ ઈન્ડિયા મૂવમેન્ટની શરૂઆત **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2019માં રાષ્ટ્રીય રમતગમત દિવસે** કરી હતી.
- તેનો હેતુ ભારતીયોના રોજિંદા જીવનમાં તંદુરસ્ત જીવનશૈલી ઉમેરવાનો છે.

## રાષ્ટ્રીય રમત-ગમત દિવસ

- દર વર્ષે 29 ઓગસ્ટે હોકી ખેલાડી મેજર ધ્યાનચંદ સિંઘના સન્માન માટે 'રાષ્ટ્રીય રમત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- રાષ્ટ્રીય રમત ગમત દિવસ પર ભારતના રાષ્ટ્રપતિ ખેલરત્ન, દ્રોણાચાર્ય એવોર્ડ, અર્જુન એવોર્ડ, ધ્યાનચંદ એવોર્ડ વગેરે જેવા એવોર્ડ્સ આપીને જાણીતા રમતવીરોનું સન્માન કરે છે.

## ➤ એસોસિએશન ઓફ બુદ્ધિસ્ટ ટૂર ઓપરેટર (ABTO) આંતરરાષ્ટ્રીય સંમેલન

- 10 ડિસેમ્બર, 2020ના રોજ કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ રાજ્યમંત્રી શ્રી પ્રહલાદ સિંહ પટેલે નવી દિલ્હીમાં એસોસિએશન ઓફ બુદ્ધિસ્ટ ટૂર ઓપરેટર (ABTO) આંતરરાષ્ટ્રીય સંમેલનનું ઉદ્દઘાટન કર્યું હતું. આ સંમેલન પર્યટન મંત્રાલયની ભાગીદારીમાં યોજાયું હતું.
- આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે દેશમાં બૌદ્ધ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સરકાર વિશેષ પ્રયાસો કરી રહી છે.

## પ્રવાસન ક્ષેત્રને વિકસાવવા કેન્દ્રના તાજેતરનાં પગલાંઓ

ABTOના ઉદ્દઘાટન સમારોહ દરમિયાન કેન્દ્રીય પ્રધાને નીચેની ઘોષણાઓ કરી હતી :

- દેશમાં પ્રવાસન ઉદ્યોગ વિકસાવવા 'સ્વદેશ દર્શન' અને 'પ્રસાદ યોજના' શરૂ કરવામાં આવી હતી.
- 'સ્વદેશ દર્શન યોજના' અંતર્ગત બૌદ્ધ સ્થળોના વિકાસ માટે 350 કરોડથી વધુ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે.
- 'પ્રસાદ યોજના' અંતર્ગત 900 કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે.
- હાલમાં ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ તેના સ્મારકોની સૂચિમાં સુધારો કરી રહ્યું છે અને આગામી દિવસોમાં ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ હેઠળના સ્મારકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાનો છે.

## PRASAD યોજના વિશે

- **PRASAD : Pilgrimage Rajuvenation and Spirituality Augmentation Drive**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્રસાદ યોજના **વર્ષ 2015માં શરૂ** કરવામાં આવી હતી.
- આ યોજના મુખ્યત્વે આયોજિત અને ટકાઉ રીતે તીર્થ સ્થળોના વિકાસને એકીકૃત કરવાનું લક્ષ્ય ધરાવે છે.
- આ યોજના અંતર્ગત **યાત્રાધામોના વિકાસ માટે 12 શહેરોની** ઓળખ કરવામાં આવી છે.
- પ્રસાદ યોજના અંતર્ગત પસંદ કરાયેલા 12 શહેરો નીચે મુજબ છે :

| ક્રમ | તીર્થસ્થળ/શહેર | રાજ્ય |
|---|---|---|
| 1 | કામાખ્યા | આસામ |
| 2 | અમરાવતી | આંધ્રપ્રદેશ |
| 3 | ગયા | બિહાર |
| 4 | દ્વારકા | ગુજરાત |
| 5 | અમૃતસર | પંજાબ |
| 6 | પુરી | ઓડિશા |
| 7 | અજમેર | રાજસ્થાન |
| 8 | કેદારનાથ | ઉત્તરાખંડ |
| 9 | વેલાંકની | તમિલનાડુ |
| 10 | કાંચીપુરમ્ | તમિલનાડુ |
| 11 | વારાણસી | ઉત્તરપ્રદેશ |
| 12 | મથુરા | ઉત્તરપ્રદેશ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ યોજના અંતર્ગત ધાર્મિક સ્થળોમાં વૈશ્વિક કક્ષાના માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત પર્યટન સ્થળના આકર્ષણમાં વધારો કરવામાં આવશે, સ્થાનિક કલા અને સંસ્કૃતિકને પ્રોત્સાહન મળશે તેમજ સ્થાનિક હસ્તકલાને પણ પ્રોત્સાહન મળશે.

## સ્વદેશ દર્શન યોજના

- 'સ્વદેશ દર્શન યોજના' કેન્દ્ર સરકાર અંતર્ગત **પર્યટન મંત્રાલયની એક યોજના** છે.
- આ યોજનાનો ઉદ્દેશ ભારતમાં પર્યટનની સંભાવનાને ઓળખી તેને વિકસિત કરવાનો છે.
- આ યોજનાને **કેન્દ્ર સરકાર દ્વારા 100% ભંડોળ પૂરું** પાડવામાં આવે છે.

- આ સમગ્ર યોજના થીમ આધારિત પર્યટન પર આધારિત છે.
- દરેક થીમને **'સર્કિટ'** કહેવામાં આવે છે અને તે વિવિધ પર્યટન સ્થળ સાથે જોડાયેલ છે.
- ટૂરિસ્ટ સર્કિટ **ઓછામાં ઓછા ત્રણ મુખ્ય પર્યટન સ્થળો ધરાવતા રૂટ સાથે જોડાયેલ** હોય છે.
- સ્વદેશ દર્શન યોજના અંતર્ગત ઓળખાવેલ વિવિધ સર્કિટો નીચે મુજબ છે :

1. બુદ્ધિસ્ટ સર્કિટ
2. કોસ્ટલ સર્કિટ
3. ડેઝર્ટ સર્કિટ
4. ઈકો સર્કિટ
5. હેરિટેઝ સર્કિટ
6. હિમાલયન સર્કિટ
7. ક્રિષ્ના સર્કિટ
8. નોર્થ–ઈસ્ટ સર્કિટ
9. રામાયણ સર્કિટ
10. રૂરલ સર્કિટ
11. સ્પિરિચ્યુઅલ સર્કિટ
12. સુફી સર્કિટ
13. તિર્થંકર સર્કિટ
14. ટ્રાઈબલ સર્કિટ
15. વાઈલ્ડલાઈફ સર્કિટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી હેલ્થ કવરેજ દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
(A) 12 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર **(A)**

2. 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ 2020'ની થીમ જણાવો ?
(A) Health for All : Save Everyone
(B) Health for All : To Serve Everyone
(C) Health for All : Protect Everyone
(D) Health for All : Vaccine to Everyone **(C)**

3. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી બાદ 562 દેશી રજવાડાઓનું ભારતમાં વિલિનીકરણ કરવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી, તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીએ કઈ જગ્યાએ આ રજવાડાઓના ઈતિહાસની ગાથા મ્યુઝિયમમાં મૂકવાની જાહેરાત કરી હતી ?
(A) સાબરમતી આશ્રમ (B) સરદાર આશ્રમ
(C) સ્ટેચ્યૂ ઓફ યુનિટી (D) મહાત્મા મંદિર **(C)**

4. ચાબહાર બંદર દ્વારા કનેકિટવિટીને પ્રોત્સાહન આપવા 'ઉઝબેક પ્રસ્તાવ' ત્રણ દેશો વચ્ચે થયો હતો નીચેના પૈકી તેમાં કયા દેશનો સમાવેશ થતો નથી ?
(A) ઈરાન (B) ભારત (C) ઉઝબેકિસ્તાન (D) ઈરાક **(D)**

5. દસ્તલિક લશ્કરી કવાયત ભારતની કયા દેશ સાથેની સંયુકત લશ્કરી કવાયત છે ?
(A) ઈરાન (B) કઝાકિસ્તાન (C) કિર્ગીસ્તાન (D) ઉઝબેકિસ્તાન **(D)**

6. ભારતના 'ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોઝ' અભિયાનની તાજેતરમાં કયા આંતરરાષ્ટ્રીય સંગઠન દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી ?
(A) WHO (B) UN (C) UNICEF (D) ABD **(A)**

7. 'ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ'ની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયારે કરી હતી ?
(A) 28 ઓગસ્ટ, 2019 (B) 29 ઓગસ્ટ, 2019
(C) 29 સપ્ટેમ્બર, 2019 (D) 28 સપ્ટેમ્બર, 2019 **(B)**

8. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?
(A) એસોસિએશન ઓફ બુદ્ધિસ્ટ ટૂર ઓપરેટર (ABTO) આંતરરાષ્ટ્રીય સંમેલનનું ઉદઘાટન તાજેતરમાં નવી દિલ્હી ખાતે થયું હતું.
(B) પ્રસાદ યોજના વર્ષ 2015માં શરૂ કરવામાં આવી હતી.
(C) પ્રસાદ યોજના અંતર્ગત 12 સ્થળોની પસંદગી કરાઈ છે.
(D) પ્રસાદ યોજના અંતર્ગત ગુજરાતના સોમનાથની પસંદગી કરાઈ છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ શ્રી બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે ડૉ. મધુકર પાડવીની નિમણૂક

શ્રી બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી રાજપીપળાના પ્રથમ કુલપતિ તરીકે ડૉ. મધુકર પાડવીની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકની જાહેરાત ટ્રાઈબલ ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવી હતી.

### ➤ ગૂજરાત વિદ્યાપીઠના નવા કુલનાયક તરીકે ડૉ. ખીમાણીની નિમણૂક

ગૂજરાત વિદ્યાપીઠના નવા કુલનાયક તરીકે ડૉ. રાજેન્દ્ર ખીમાણીની નિમણૂક કરવામાં આવી છે. ગૂજરાત વિદ્યાપીઠના વર્તમાન કુલનાયક ડૉ. અનામિક શાહની મુદત આગામી 31 ડિસેમ્બરના રોજ પુરી થઈ રહી છે. 1 જાન્યુઆરી, 2021થી નવા કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી પોતાનો ચાર્જ સંભાળશે.

### ➤ જૂન-2021થી વાહનચાલકોને સ્ટાન્ડર્ડ માર્કાની હેલમેટ પહેરવી ફરજિયાત

ગુજરાત રાજ્યમાં દ્વિચક્રી વાહન ચાલકો માટે જૂન - 2021થી સ્ટાન્ડર્ડ IS માર્ક (ઈન્ડિયન સ્ટાન્ડર્ડ માર્કા)વાળી હેલમેટ જ પહેરવાનું સરકાર દ્વારા ફરજિયાત કરાયું છે.

## ભારત

### ➤ ઝારખંડમાં સરકારી નોકરી માટે તમાકુ સેવન નહીં કરવા શપથ જરૂરી

ઝારખંડની સરકારે હવે સરકારી નોકરી મેળવવા માગતા લોકો માટે એક અનોખી શરત મૂકી છે. ઝારખંડની સરકારે કહ્યું કે સરકારી નોકરી મેળવવા માગતા અરજદારોએ એક સોગંદનામું કરવાનું રહેશે કે જેમાં લખ્યું હશે કે જે તે ઉમેદવાર તમાકુની પ્રોડકટ્સનું સેવન કરતો નથી અને ભવિષ્યમાં પણ તમાકુની પ્રોડકટ્સનું સેવન કરશે નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ઓક્ટોબર મહિના માટે મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની યાદી બહાર પડાઈ

નીતિ આયોગે તાજેતરમાં ઓક્ટોબર 2020 માટે મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓનું રેન્કિંગ બહાર પાડ્યું.

**Top-3 મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ**

| ક્રમ | જિલ્લો | રાજ્ય |
|---|---|---|
| 1 | મમીત | મિઝોરમ |
| 2 | બંકા | બિહાર |
| 3 | ધેનકનાલ | ઓડિશા |

## ➤ ગૂગલ, ફેસબૂક, ટ્વિટરના ડેટા માટે પહેલું કેન્દ્ર યુપીમાં બનશે

ગૂગલ, ફેસબુક, ટ્વિટર અને એમેઝોન જેવી મોટી કંપનીઓ ભારતમાં પોતાના ડેટા સેન્ટર્સ બનાવશે. જે અંતર્ગત ઉત્તરપ્રદેશના નોઈડામાં પ્રથમ ડેટા સેન્ટરનું નિર્માણ કાર્ય શરૂ થયું છે.

## ➤ જેહાન દારૂવાલાએ ઈતિહાસ રચ્યો, F-2 રેસ જીતનાર પ્રથમ ભારતીય કારરેસર બન્યો

ભારતીય રેસર જેહાન દારૂવાલાએ સાખિર ગ્રાન્ડ પ્રિક્સ દરમિયાન ઈતિહાસ રચ્યો હતો. તે ફોર્મ્યુલા-2 કારરેસ જીતનાર પ્રથમ ભારતીય રેસર બન્યો હતો. 22 વર્ષીય આ ભારતીય રેસરે મિક શૂમાકર અને ટિકટુમ જેહાનને પાછળ રાખી દીધા હતા.

## ➤ બે નવા પ્રાણીસંગ્રહાલયને કેન્દ્રની માન્યતા મળી

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન પ્રધાન પ્રકાશ જાવડેકરની અધ્યક્ષતામાં મળેલી સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની બેઠકમાં બે નવા પ્રાણી સંગ્રહાલયને માન્યતા આપવામાં આવી હતી. આ બંને પ્રાણી સંગ્રહાલય નીચે મુજબ છે :

(1) રાજગીર ઝૂ સફારી, નાલંદા (બિહાર)

(2) અશફાખ ઉલ્લાં ખાન પ્રાણી ઉધાન, ગોરખપુર (ઉત્તરપ્રદેશ)

## ➤ એસ. કે. પ્રજાપતિ સ્વચ્છ ભારત મિશનના ડિરેક્ટર તરીકે નિમાયા

અન્ન અને પૂરવઠા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીના પર્સનલ સેક્રેટરી અને 2012ની બેંચના IAS એસ. કે. પ્રજાપતિની સ્વચ્છ ભારત મિશન (શહેર)ના મિશન ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. અગાઉ આ પદ પર IAS મિલિંદ બાપના વધારાનો હવાલો સંભાળતા હતા.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ NAVIC ને IMOની માન્યતા મળી

8 ડિસેમ્બર, 2020ના રોજ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન (IMO)એ 'NAVIC'ને વિશ્વવ્યાપી રેડિયો સંશોધક સિસ્ટમના ઘટક તરીકે માન્યતા આપી.

NAVIC : Navigation with Indian Constellation

## ➤ નાસાના ચંદ્ર અભિયાનમાં ભારતીય મૂળના રાજા ચારીની પસંદગી

નાસાના ચંદ્ર ઉપર માણસને મોકલવાના પોતાના અભિયાન માટે એક ભારતીય–અમેરિકી સહિતના 18 અંતરિક્ષયાત્રીની પસંદગી કરવામાં આવી છે. નાસાએ પોતાના ચંદ્ર અભિયાન માટે ઘોષણા કરેલા નામોમાં અડધી સંખ્યા મહિલાઓની છે. આ ટીમમાં રાજા જોન વુરપુતુર ચારી યુએસ એરફોર્સ એકેડેમી, એમઆઈટી અને યુએસ નેવલ ટેસ્ટ પાયલટ સ્કૂલથી સ્નાતક છે અને યાદીમાં ભારતીય મૂળના એકમાત્ર અંતરિક્ષ યાત્રી છે.

## ➤ BSNLએ ભારતમાં સેટેલાઈટ આધારિત નેરોબેન્ડ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ નેટવર્ક શરૂ કર્યું

BSNLએ સ્કાયલોની સાથે ભારતમાં વિશ્વનું પ્રથમ સેટેલાઈટ આધારિત નેરોબેન્ડ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ નેટવર્ક શરૂ કર્યું છે.

## ➤ RTGS 24/7 ઉપલબ્ધ રહેશે

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે RTGS સુવિધા 14 ડિસેમ્બર, 2020થી 24×7 ઉપલબ્ધ રહેશે.

RTGS : Real Time Gross Settlement

RTGSની શરૂઆત 26 માર્ચ 2004ના રોજ થઈ હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અનુસાર RTGS અંતર્ગત લેણદેણ માટેની લઘુત્તમ મર્યાદા 2 લાખ રૂપિયા છે.

# વિશ્વ

## ➤ ન્યુઝીલેન્ડના બેટ્સમેન કોરી એન્ડરસને ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી

વર્ષ 2014માં કોરી એન્ડરસને શાહિદ આફ્રિદીની વન–ડે ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ સદીનો રેકોર્ડ તોડયો હતો. તેમણે ફક્ત 36 બોલમાં સદી ફટકારી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ઈન્ટરનેશનલ અવકાશમથક પર નાસાના અવકાશયાત્રી દ્વારા મૂળાની ઐતિહાસિક ખેતીનો પ્રયોગ

નાસાના અવકાશયાત્રી કેટ રૂબિન્સે 30 નવેમ્બરે આંતરરાષ્ટ્રીય અવકાશમથક પર સૌપ્રથમવાર મૂળાનો પાક ઉગાડયો છે. વૈજ્ઞાનિકો એકદમ સારી રીતે સમજી શકે અને 27 દિવસમાં ઉગી જતો હોવાથી આ નવી પહેલ માટે મૂળાની પસંદગી કરવામાં આવી હતી.

## ➤ ચીને ચંદ્ર પર ધ્વજ લહેરાવ્યો : અમેરિકા પછી 50 વર્ષે ચંદ્ર પર ધ્વજ લહેરાવનાર બીજો દેશ બન્યો

ચીની અંતરિક્ષયાન ચંદ્રની સપાટી પરના નમૂના લઈને પૃથ્વી તરફની વળતી સફરે નીકળી ચૂકયું છે. ચીનના અંતરિક્ષ સત્તાવાળાઓએ જણાવ્યા મુજબ ચીની અંતરીક્ષયાને વળતી સફર શરૂ કર્યા પહેલા ચંદ્રની સપાટી પર ચીની ધ્વજ લહેરાવ્યો હતો. ચેન્જ–ફાઈવ પ્રોબ અવકાશયાનમાં લાગેલા કેમેરાએ ચંદ્રની સપાટી પર લહેરાતા ચીની ધ્વજની તસ્વીર મોકલી હતી. વર્ષ 1969માં નીલ આર્મસ્ટ્રોંગે અમેરિકી ધ્વજ લહેરાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતીય મૂળની લેખિકા અનીતા આનંદના જલિયાવાલા બાગ હત્યાકાંડ પર લખવામાં આવેલ પુસ્તકે પુરસ્કાર જીત્યો

બ્રિટીશ–ભારતીય અનીતા આનંદના પુસ્તક **'ધ પેશેંટ અસેએસિન : અ ટૂ ટેલ ઓફ મસાકે, રિવેંજ ઓર રાજ'** ને યુનાઈટેડ કિંગડમનો પ્રતિષ્ઠિત ઈતિહાસ પુરસ્કાર મળ્યો. ઈતિહાસ માટે યુ. કે.માં **'પેન હેસલ-ટિલ્ટમૈન પુરસ્કાર'** એનાયત કરવામાં આવે છે.

## ➤ ચીને દુનિયાના ખૂણે ખૂણાના ફોટા લઈ શકતો નવો ઉપગ્રહ ગૂફેન-14 લોન્ચ કર્યો

ચીને હવે એવો ઉપગ્રહ અંતરિક્ષમાં સ્થાપિત કર્યો છે જે આખી દુનિયા પર નજર રાખી શકશે. દુનિયા પર નજર રાખવા માટે ઉપગ્રહ 'ગૂફેન-14'ને શીચાંગ સેટેલાઈટ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યો છે. ગૂફેન-14ને માર્ચ-3B રોકેટના માધ્યમથી અંતરિક્ષમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. ગૂફેન સૌથી ઉન્નત ઉપગ્રહ છે અને પૃથ્વીના કોઈપણ ક્ષેત્રની સંપૂર્ણ ભૌગોલિક જાણકારી તેની સ્પષ્ટ તસ્વીર લેવામાં સક્ષમ છે. ગૂફેન-14 મૂળભૂત રીતે ઓપ્ટિકલ સ્ટિરીયો મેપિંગ સેટેલાઈટ છે.

## ➤ હવાના સિન્ડ્રોમ શું છે ?

નેશનલ એકેડેમી ઓફ સાયન્સે તાજેતરમાં શોધી કાઢયું કે માઈક્રોવેવ વિકિરણ રહસ્યમય ન્યૂરોલોજિકલ બિમારીનું પ્રમુખ કારણ છે જેને 'હવાના સિન્ડ્રોમ' તરીકે ઓળખવામાં આવે છે. હવાના સિન્ડ્રોમે ચાર વર્ષ કરતા પણ વધારે સમયથી ચીન, કયૂબા અને અન્ય દેશોમાં સ્થિત અમેરિકાના રાજનીતિઓ અને જાસૂસી કરતા અધિકારીઓને સંક્રમતિ કરવાનું શરૂ કર્યું હતું. જો કે અમેરિકી દેશના સત્તાવાર વિભાગે સાર્વજનિક રૂપથી માઈક્રોવેવ હથિયારો આ સિન્ડ્રોમનું કારણ છે એવું જણાવ્યું નથી.

## ➤ WTA દ્વારા સોફિયા કેનિન પ્લેયર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનિત

વર્ષ 2020ના ઓસ્ટ્રેલિયા ઓપન ગ્રાન્ડસ્લેમમાં ચેમ્પિયન બનેલી સોફિયા કેનિનને WTA પ્લેયર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. વર્ષ 2015 બાદ આ એવોર્ડ મેળવનાર સોફિયા કેનિન પ્રથમ અમેરિકન ખેલાડી બની ગયા છે. છેલ્લે 2015માં અમેરિકન ખેલાડી સેરેના વિલિયમ્સને આ એવોર્ડ એનાયત થયો હતો. WTA (Women's Tennis Association) પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ વર્ષ 1977થી આપવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ જો બિડેન અને કમલા હેરિસ ટાઈમ પર્સન ઓફ ધી યર

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બિડેન અને ઉપ-રાષ્ટ્રપતિ કમલા હેરિસને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય મેગેઝિન ટાઈમ દ્વારા વર્ષ 2020 માટે 'પર્સન ઓફ ધ યર' જાહેર કરાયા છે. ગયા વર્ષે 16 વર્ષીય ગ્લોબલ વોર્મિંગ કાર્યકર ગ્રેટા થનબર્ગને ટાઈમ દ્વારા પર્સન ઓફ ધ યરના પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા હતા.

## ➤ એશિયા-પેસિફિક વેકિસન એકસેસ ફેસિલિટી (APVAX)

એશિયન ડેવલોપમેન્ટ બેન્કે (ADB) તાજેતરમાં એશિયાના વિકાસશીલ દેશોને કોવિડ-19 રસી સરળતાથી પ્રાપ્ત થાય તે માટે 'એશિયા–પેસિફિક વેકિસન એકસેસ ફેસિલિટી (APVAX)' શરૂ કર્યું છે. આ યોજના માટે ADBએ 9 અબજ ડોલર ફાળવ્યા છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

- વન–ડે ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ સદીનો રેકોર્ડ બનાવનાર કોરી એન્ડરસને તાજેતરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે તેઓ કયાં દેશના ખેલાડી હતા ?
  – ન્યૂઝીલેન્ડ
- તાજેતરમાં ઈન્ટરનેશનલ અવકાશ મથક પર નાસાના અવકાશયાત્રી દ્વારા કયા પાકની ખેતી માટેનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો ? – મૂળાનો પાક
- તાજેતરમાં ચીનના કયા અવકાશયાને ચંદ્રની સપાટી પર લહેરાતા ચીની ધ્વજની તસ્વીર મોકલી હતી ? – ચેન્જ–ફાઈવ પ્રોબ
- તાજેતરમાં કયા રાજ્યએ સરકારી નોકરી માટે તમાકુ સેવન નહીં કરવા શપથ જરૂરી બનાવતુ સોગંદનામુ ફરજિયાત બનાવવાની શરત મૂકી છે ? – ઝારખંડ
- નીતિ આયોગે તાજેતરમાં ઓક્ટોબર 2020 માટે મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની યાદી બહાર પાડી છે, જે મુજબ કયા રાજ્યનો મમીત જિલ્લો પ્રથમ ક્રમે આવ્યો હતો ? – મિઝોરમ
- ‘ધ પેશેંટ અસેએસિન : અ ટૂ ટેલ ઓફ મસાક્રે, રિવેંજ ઓર રાજ’ નામનું પુસ્તક જલિયાવાલા બાગ હત્યાકાંડ પર છે તેના લેખિકા કોણ છે ? – અનીતા આનંદ
- અનીતા આનંદને તાજેતરમાં તેમના પુસ્તક માટે U.K.નો કયો પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો ? – પેન હેસલ–ટિલ્ટમૈન પુરસ્કાર
- ગૂગલ, ફેસબુક, ટ્વિટર અને એમેઝોન જેવી કંપનીઓ પોતાનું ડેટા માટેનું પહેલું કેન્દ્ર કયા બનાવશે ? – નોઈડા (ઉત્તરપ્રદેશ)
- દુનિયાના ખૂણેખૂણાના ફોટા લઈ શકતો કયો ઉપગ્રહ ચીને તાજેતરમાં લોન્ચ કર્યો હતો ?
  – ગૂફેન-14
- હવાના સિન્ડ્રોમ કેવા પ્રકારની બિમારી છે ? – ન્યૂરોલોજિકલ બિમારી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- અશફાખ ઉલ્લાંખાન પ્રાણી ઉદ્યાન કયા રાજ્યમાં આવેલ છે ? – ઉત્તરપ્રદેશ
- શ્રી બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી હતી ? – ડૉ. મધુકર પાડવી
- સ્વચ્છ ભારત મિશનના ડાયરેક્ટર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ? – IAS એસ. કે. પ્રજાપતિ
- ગૂજરાત વિદ્યાપીઠના નવા કુલનાયક તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ? – ડૉ. રાજેન્દ્ર ખીમાણી
- તાજેતરમાં NAVICને કઈ આંતરરાષ્ટ્રીય સંગઠનની માન્યતા મળી હતી ? – આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન (IMO)
- NAVIC નું પૂરું નામ જણાવો ? – Navigation with Indian Constellation
- તાજેતરમાં કોને WTA પ્લેયર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા ? – ટેનિસ પ્લેયર સોફિયા કેનિન
- વર્ષ 2020માં ટાઈમ પર્સન ઓફ ધ યર તરીકે કોણ વિજેતા બન્યા હતા ? – અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બિડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ
- ગુજરાત રાજ્યમાં દ્વિચક્રી વાહન ચાલકો માટે કયારથી સ્ટાન્ડર્ડ IS માર્કાવાળા હેલમેટ પહેરવાનું સરકાર દ્વારા ફરજિયાત કરાયું છે ? – જૂન-2021થી
- નાસાના ચંદ્ર અભિયાન માટે કયા ભારતીય મૂળના વ્યકિતની પસંદગી તાજેતરમાં કરાઈ હતી ? – રાજા જોન વુરપુતુર ચારી
- એશિયન ડેવલોપમેન્ટ બેન્કે તાજેતરમાં એશિયાના વિકાસશીલ દેશોને કોવિડ-19 રસી સરળતાથી પ્રાપ્ત થાય તે માટે કઈ ફેસિલિટી શરૂ કરી છે ? – એશિયા – પેસિફિક વેકિસન એકસેસ ફેસિલિટી (APVAX)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં કઈ સંસ્થાએ Endowement fundની શરૂઆત કરી છે ? – IIT દિલ્હી
(Endowment fund એટલે કોઈ સંસ્થાને આપેલુ દાન.)

2. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાયેલ 80મી 'અખિલ ભારતીય પ્રમુખ અધિકારી પરિષદ' (ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ)નું આયોજન કોની અધ્યક્ષતામાં થયું હતું ?
– લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા

3. દેશની સમુદ્રી વિરાસતની સાચવણી માટે દેશમાં પ્રથમ નેશનલ મ્યુઝિયમ કયા બનાવવામાં આવશે ? – લોથલ

4. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ યોજના અન્વયે 164 CNG ફિલિંગ સ્ટેશન્સના લેટર ઓફ ઈન્ટેન્ટ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા અર્પણ કર્યા હતા ?
– CNG સહભાગી

5. ગુજરાત હાઈકોર્ટના કયા જસ્ટિસનું તાજેતરમાં કોરોના સંક્રમણથી અવસાન થયું હતું ?
– ગુજરાત હાઈકોર્ટના સિટીંગ જસ્ટિસ જી. આર. ઉધવાણી

6. કયા દેશે તાજેતરમાં કોરોના સામે લડવા માટે અને કોરોનાની રસી મેળવવા માટે આર્થિક સાધનો ઊભા કરવા 'મિલિયોનર્સ ટેક્સ' લાદ્યો હતો ? – આર્જેન્ટિના

7. કયા તાલુકામાં અત્યાધુનિક સુવિધા સાથે દક્ષિણ ગુજરાતની પ્રથમ સૈનિક સ્કૂલ બનશે ?
– ઉમરપાડા (સુરત)

8. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને કયો એવોર્ડ એનાયત કરવામાં આવે છે ? – માતા યશોદા એવોર્ડ

9. તાજેતરમાં 'એસોસિએશન ઓફ બિઝનેસ કમ્યુનિકેટર્સ ઓફ ઈન્ડિયા (ABCI)'ના રાષ્ટ્રીય કક્ષાના કેટલા એવોર્ડ પશ્ચિમ રેલવેને એનાયત કરવામાં આવ્યા ? – 7

INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. NRI (નોન–રેઝિડેન્ટ ઈન્ડિયન્સ)ને ક્યારે મતદાનનો અધિકાર મળ્યો હતો ?

– 2011માં Representation of Peoples Act, 1950માં સુધારા દ્વારા

ETPBS : Electronically Transmitted Postal Ballot System)

11. વિશ્વની સૌથી મોટી ઝાડ ખિસકોલી કઈ છે ? – મલયાન જાયન્ટ ખિસકોલી

(મલયાન જાયન્ટ ખિસકોલીએ 'બ્લેક જાયન્ટ ખિસકોલી' અથવા 'રતુફા બાયકલર' તરીકે પણ ઓળખાય છે. ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા તેના પર સૌપ્રથમ વખત સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. મલયાન જાયન્ટ ખિસકોલી આસામ રાજ્યના કાઝીરંગા નેશનલ પાર્ક અને ઉત્તર–પૂર્વ ભારતના ભાગોમાં વધુ સંખ્યામાં જોવા મળે છે.)

12. તાજેતરમાં કોની FICCIના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી ?

– મીડિયા એક્ઝિક્યુટીવ ઉદય શંકર

(FICCI : Federation of Indian Chambers of Commerce & Industry)

13. તાજેતરમાં લક્ષદ્વિપના પ્રશાસકનું નિધન થયું હતું તેમનું નામ જણાવો ?

– શ્રી દિનેશ્વર શર્મા

14. પાંચ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા GST કરદાતા માટે માસિક ચુકવણી માટે કઈ સ્કીમ લોંચ કરાઈ ?

– QRMP (ક્વાર્ટરલી રિટર્ન ફાઈલિંગ એન્ડ મંથલી પેમેન્ટ ઓફ ટેક્સીસ) સ્કીમ

15. વૈશ્વિક એકતાની ભાવના સાથે દુનિયાના તમામ 197 દેશોમાંથી એક–એક એમ 197 સંગીતકારો સાથે આવ્યા અને 'ધ અર્થ ઓર્કેસ્ટ્રા' નામના એક ઓર્કેસ્ટ્રાની રચના કરી હતી, આ એક ઓર્કેસ્ટ્રા દ્વારા સૌપ્રથમ કયું ગીત અને કઈ ડોક્યુમેન્ટરી લોન્ચ કરી ઈતિહાસ રચવામાં આવ્યો હતો ? – ગીત 'ટુગેધર ઈઝ બ્યુટીફુલ', ડોક્યુમેન્ટરી – 'ધ અર્થ ઓર્કેસ્ટ્રા'

16. INS વિરાટ બાદ અલંગમાં તાજેતરમાં કયું પ્રખ્યાત જહાજ તોડવા માટે આવ્યું હતું ?

– એમ. વી. કર્ણિકા જહાજ

(એમ. વી. કર્ણિકા જહાજ 1990માં ઈટાલીમાં બન્યું હતું. લંડનની એનકેડી મેરિટાઈમ પાસેથી આ જહાજ મેળવવામાં આવ્યું છે.)

17. બિહારનો સ્થળાંતર પક્ષીનો ઉત્સવ કયા જિલ્લામાં યોજવામાં આવશે ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– ભાગલપુર જિલ્લામાં

**18. ‘એશિયન ઓફ ધ યર’નો ખિતાબ તાજેતરમાં કયા ભારતીયને એનાયત કરવામાં આવ્યો હતો ?**

– સિરમ ઈન્સ્ટિટયૂટના ચીફ એકિઝકયુટિવ આદર પૂનાવાલા

**19. આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ (5 ડિસેમ્બર)ની વર્ષ 2020ની થીમ શું હતી ?**

– 'together we can through Volunteering'

**20. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI)એ તાજેતરમાં ભારતના કયા સ્થાપત્યને બચાવવા માટે ચારે બાજુ અવરોધક લગાવી દીધા છે ?** – હમ્પીના પથ્થરના રથની ચારેબાજુ

(હમ્પીનો આ પથ્થરનો રથ વિજય વિઠ્ઠલ મંદિરની સામે સ્થિત છે.)

**21. આગ્રા મેટ્રો પરિયોજનાના નિર્માણ કાર્યનું ઉદઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?**

– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા

**22. ટ્રેસ રિશ્વતની જોખમ મેટ્રિકસમાં ભારત વર્ષ 2020માં કેટલામા ક્રમે રહયો હતો ?**

– 77મા ક્રમે

(આ યાદીમાં ચીન 126મા ક્રમાંકે અને પાકિસ્તાન 153મા ક્રમાંકે રહયું હતું. આ યાદી સૌપ્રથમ વર્ષ 2014માં બહાર પડાઈ હતી. તે દેશમાં લાંચ માંગવાની સંભાવનાનું માપન કરે છે.)

**23. સ્ટેટ ઓલિમ્પિકસ એસોસિએશનના પ્રમુખ તરીકે તાજેતરમાં કોણ ચૂંટાઈ આવ્યું હતું ?**

– દેવેન્દ્રસિંહ સોલંકી

**24. કયા બે દેશોએ સાથે મળીને માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ જાહેર કરી ?** – ચીન અને નેપાળ

(માઉન્ટ એવરેસ્ટની તાજેતરની નવી ઊંચાઈ 8848.86 મીટર છે.)

**25. DACA શું છે ?** – DACA :- The Deferred Action for Childhood Arrivals.

(DACAએ અમેરિકાની ઈમિગ્રેશન પોલિસી છે. આ નીતિ શ્રી બરાક ઓબામા દ્વારા વર્ષ 2012માં લાવવામાં આવી હતી.)

**26. તાજેતરમાં સરિસૃપો અને નાના સ્તનધારી પ્રાણીઓ માટે કયાં પહેલો ઈકો–બ્રિજ બનાવવામાં આવ્યો હતો ?** – ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લાના રામનગર ફોરેસ્ટ ડિવિઝનમાં

(ઈકો–બ્રિજનું નિર્માણ વન્યપ્રાણી કનેકિટવિટીને વધારવા માટે કરવામાં આવ્યું હતું.)

**27. તાજેતરમાં સ્મગલિંગ ઈન ઈન્ડિયા રિપોર્ટ 2019-20 કોના દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો ?**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– નાણાં પ્રધાન શ્રી નિર્મલા સિતારામન

28. વિશ્વનો સૌથી શકિતશાળી 856 ફૂટ ઊંચો વિન્ડ ટર્બાઈન કયા દેશમાં સ્થાપવામાં આવશે ?

– અમેરિકા

(અમેરિકાના માર્યા વિનેયાર્ડ કિનારે વર્ષ 2023 સુધીમાં આ મહાકાય વિન્ડફાર્મ કાર્યરત થશે.)

29. તાજેતરમાં ઉત્તરપ્રદેશ રાજ્ય સરકાર દ્વારા કઈ જનજાતિના ગામોને પર્યટન નકશા પર લાવવા યોજના ચાલુ કરવામાં આવી હતી ? – થારુ આદિવાસી

(થારૂ આદિવાસીઓ નેપાળની સરહદ પર સ્થિત જનજાતિ છે. થારૂ આદિવાસીઓ મુખ્યત્વે શિવાલિક અથવા નીચલા હિમાલયમાં વસવાટ કરે છે. થારૂ શબ્દનો અર્થ 'થેરાવાદ બૌદ્ધ ધર્મના અનુયાયી' થાય છે. થારૂ જનજાતિ ભારતમાં મુખ્યત્વે બિહાર, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશમાં જોવા મળે છે.)

30. તાજેતરમાં કેન્દ્રીય પ્રધાન રામ વિલાસ પાસવાનનું નિધન થયું હતું, તેમની રાજ્યસભાની બેઠક પર તાજેતરમાં કોણ ચૂંટાયું હતું ? – સુશીલ કુમાર મોદી

31. યુનાઈટેડ નેશન્સ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એવોર્ડ, 2020 તાજેતરમાં કઈ સંસ્થાને મળ્યો હતો ?

– ઈન્વેસ્ટ ઈન્ડિયા

32. imobile pay એપ તાજેતરમાં કઈ બેંક દ્વારા લોન્ચ કરાઈ હતી ?

– ICICI (Industrial Credit and Investment Corporation of India) બેંક દ્વારા

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

33. તાજેતરમાં કયા સમુદ્રમાં તાપમાનના વધારાને કારણે કાચબા કરતા કાચબીઓનું પ્રમાણ વધ્યું હતું ? – લાલ સમુદ્રમાં

34. વર્ષ 2020માં સૌથી વધુ ટ્વિટ થયેલી વ્યકિત કોણ છે ? – ડોનાલ્ડ ટ્રમ્પ

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી મોસ્ટ ટ્વિટેડ પર્સનની યાદીમાં સાતમા ક્રમે રહયા હતા.)

35. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે સુરીનામ દેશ સાથે કયા ક્ષેત્રની સમજૂતી માટે મંજૂરી આપી હતી ?

– આરોગ્ય અને દવા

36. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ 'આત્મનિર્ભર ભારત રોજગાર યોજના'નો અમલ કયા વર્ષ દરમિયાન કરવામાં આવશે ? – વર્ષ 2020-2023

37. તાજેતરમાં WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) ફાઉન્ડેશનના પ્રથમ CEO તરીકે કોની નિમણૂક થઈ હતી ? – ભારતીય મૂળના અનિલ સોનીની

(WHO ફાઉન્ડેશન સ્વતંત્ર અનુદાન બનાવવાવાળું સંગઠન છે જેનું મુખ્યમથક જીનીવામાં સ્થિત છે. તેની સ્થાપના મે, 2020માં કરવામાં આવી હતી. પ્રોફેસર થોમસ જેલ્ટનરે તેની સ્થાપના કરી હતી)

38. તાજેતરમાં જેમનું નિધન થયું છે એવા દિગ્ગજ ડાન્સર પદ્મશ્રી અસ્તાદ દેબૂનો જન્મ ગુજરાતના કયા જિલ્લામાં થયો હતો ? – નવસારી

(અસ્તાદ દેબૂએ કથક અને કથકલીને જોડીને નવા ડાન્સ ફોર્મની રચના કરી હતી.)

39. બ્રિટિશ ન્યૂઝપેપર 'ઈસ્ટર્ન આઈ' દ્વારા જાહેર કરાયેલા '50 એશિયન સેલિબ્રિટીઝ ઈન ધ વર્લ્ડ'માં પ્રથમ નંબરે કોણ આવ્યું છે ? – અભિનેતા સોનુ સૂદ

40. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા કયા દિવસની ઉજવણી માટે મંજૂરી આપવામાં આવી હતી ?

– Epidemic Preparedness Day (મહામારી સામે તૈયારી માટેનો દિવસ)

(યુનાઈટેડ નેશન્સ દ્વારા 27 ડિસેમ્બરે એપિડેમિક પ્રિપેર્ડનેસ દિવસની ઉજવણી કરવામાં આવશે.)

41. ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ, 2020ની થીમ શું હતી ?

– 'Inclusive Innovation : Smart, Secure and Sustainable'

42. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ કઈ સહકારી બેંકનું લાઈસન્સ રદ કર્યું છે ?

– મહારાષ્ટ્રની કરદ જનતા સહકારી બેંક

43. તાજેતરમાં ફોર્બ્સની જાહેર થયેલ યાદી મુજબ વિશ્વના સૌથી શક્તિશાળી મહિલા કોણ છે ?

– જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ

44. કેન્દ્ર સરકારે તાજેતરમાં COVID-19 વેકિસનની ડિલીવરી માટે કઈ એપની ઘોષણા કરી હતી ?

– CO-WIN મોબાઈલ એપ

45. તાજેતરમાં ગુજરાતમાં કઈ મ્યુનિસિપાલિટીએ બાંધકામ શ્રમિકોને ફ્રી બસ પાસ આપવાનો નિર્ણય કર્યો હતો ? – અમદાવાદ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT